RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 264* Date: 21.07.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ૧૨૫ દિવસ બાદ ૨૪ કલાકમાં ૩૦,૦૯૩ નવા કેસ, ૩૭૪ના મોત

# કોરોના હાંફ્યોઃ દૈનિક કેસ ૪ મહિનાના તળીયે



ન્યુ દિલ્હી,તા.૨૦

મહામારીની ત્રીજી લહેરની આશંકાઓ વચ્ચે દેશમાં કોરોનાવાયરસના દૈનિક મામલામાં ગિરાવટ જોવા મળી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે મંગળવારે આંકડા જાહેર કરતા જણાવ્યું કે પાછલા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાવાયરસના ૩૦૦૯૩ નવા કેસ મળ્યા છે અને ૩૭૪ લોકોના મોત થયાં છે. આ ઉપરાંત ગત એક દિવસમાં

## રીકવરી રેટ ૯૭.૩૭ ટકાએ પહોંચ્યો, ૨૪ કલાકમાં ૪૫૨૫૪ દર્દીઓ સાજા થયા, છેલ્લે ૩૦,૦૦૦થી ઓછા કેસ ૧૬મી માર્ચે નોંધાયા હતા,અત્યાર સુધી દેશભરમાં ૪૦.૫ કરોડ વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા

કોરોનાના ૪૫૨૫૪ દર્દીઓ સાજા થઈ પોતાના ઘરે પહોંચી ગયા છે. રિકવરી રેટ પણ વધીને ૯૭.૩૭% થઈ ગયો છે. આ નવા આંકડાઓ સાથે દેશમાં સંક્રમણના કુલ મામલા વધીને ૩ કરોડ ૧૧ લાખ ૭૪ હજાર ૩૨૨ અને સાજા થનાર દર્દીઓની સંખ્યા ૩ કરોડ ૩ લાખ ૫૩ હજાર ૭૧૦ થઈ ગઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે આ વર્ષે કોરોનાના દૈનિક મામલામાં ૧૨૫ દિવસ બાદ સૌથી મોટી ગિરાવટ આવી છે. જ્યારે દેશમા કોરોનાવાયરસના દર્દીનો રિકવરી રેટ પણ સતત ગગડી રહ્યો છે અને હાલ ૯૭.૩૫ ટકા છે. રિકવરી રેટમાં તેજીના કારણે દેશમાં કોરોનાના એક્ટિવ કેસ ઘટીને ૪ લાખ ૬ હજાર ૧૩૦ બચ્યા છે. આ ઉપરાંત કોરોના મામલાનો પોઝિટિવિટી રેટ ૧.૬૮ ટકા છે, જે સતત ૨૯મા દિવસે ૩ ટકાથી નીચે બનેલો છે.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્ર બીજી લહેરના પ્રકોપથી બહાર નિકળવાની કોશિશ કરી રહ્યું છે, પરંતુ એક એવો જિલ્લો છે જેમાં સતત વધતા કેસ મહારાષ્ટ્રને મહામારીમાંથી બહાર નીકળવા નથી દેતા. આ એવો જિલ્લો છે જે પીક દરમિયાન બિલકુલ શાંત હતો, પરંતુ હવે રાજ્યના દરરોજના ૨૫ ટકા કેસ લોડ અને ૧૮ ટકા મોત નોંધી રહ્યો છે. જિલ્લામાં કુલ ૧૩૬૮ લોકોએ વેક્સીનના બે ડોઝ મેળવી લીધા છે, જ્યારે ૫,૭૪૫ લોકોએ સિંગલ ડોઝ મેળવ્યો છે. એપ્રિલમાં જ્યારે મહારાષ્ટ્રી બીજી લહેરના ચરમ પર હતું, ત્યારે કોલ્હાપુર જિલ્લામાં દરરોજ ૧૦૦ મામલા પણ નહોતા આવતા. જિલ્લામાં માત્ર ૭૫૮ એક્ટિવ દર્દી હતા. પરંતુ જુલાઈમાં મહારાષ્ટ્રના કુલ મામલાનો લગભગ ૧૮% ભાગ અહીંથી જોવા મળી રહ્યો છે. બીજી લહેરની પીક દરમિયાન કોલ્હાપુરે રાજ્યના કેસલોડમાં ૦.૨૨થી ૧% ની જ ભાગીદારી દેખાડી હતી. હવે આ જિલ્લો દરરોજ રાજ્યના ૨૫% કેસલોડ રિપોર્ટ કરી રહ્યો છે, રાજ્યના ૧૮% દર્દીઓના મૃત્યુ પણ કોલ્હાપુરમાં જ થયાં છે.

ભારતમાં અત્યાર સુધીમાં ૪૦.૫ કરોડ વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે, જેમાંથી ૮.૩ કરોડ લોકોને વેક્સીનના બંને ડોઝ આપી દેવાયા છે. ભારતની કુલ ૬.૧% વસ્તીને વેક્સીનના બંને ડોઝ મળી ગયા છે.

### કોરોના વાયરસ આપણા માટે રાજનીતિ નથી, માનવતાનો વિષય છે

## કોંગ્રેસને તમામ જગ્યાએ સફાયો થયો, તેને પોતાની નહિ આપણી ચિંતા વધુ છેઃ મોદી

ન્યુ દિલ્હી,તા.૨૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કોરોના વાયરસ મહામારીને લઈને સરકાર પર સવાલ ઉઠાવનારાઓને જડબાતોડ જવાબ આપ્યો. તેમણે કહ્યું કે પહેલા જ્યારે મહામારી આવતી હતી ત્યારે લોકો બીમારીથી ઓછા અને ભૂખમરાથી વધુ મરતા હતા, પરંતુ અમે કોઈને ભૂખ્યા રહેવા દીધા નથી અને ૮૦ કરોડ લોકોને સતત રાશન આપ્યું.

ભાજપની પાર્લિયામેન્ટ્રી પાર્ટીની બેઠકમાં પીએમ નરેન્દ્ર મોદીએ પાર્ટીના સાંસદોને સલાહ આપી અને કહ્યું કે સત્ય એટલે કે સરકારના કામને જનતા સુધી પહોંચાડો. સત્યને જનતા સુધી પહોંચાડવું એ આપણી પહેલી પ્રાથમિકતા છે. કોરોના વાયરસ આપણા માટે રાજનીતિ નથી, પરંતુ માનવતાનો વિષય છે.

પીએમ મોદીએ ભાજપના સાંસદોને કહ્યું કે તમે લોકોને કોરોના વાયરસ વિરુદ્ધ ભારત કેવી રીતે લડ્યું અને દુનિયામાં શું સ્થિતિ રહી તે વિશે તુલનાત્મક રીતે જણાવો. આ સાથે જ પીએમ મોદીએ ચોમાસુ સત્ર દરમિયાન તમામ સાંસદોને સંસદમાં હાજર રહેવા કહ્યું.

બેઠકમાં પીએમ મોદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે કોંગ્રેસ બધી જગ્યાએથી ખતમ થઈ રહી છે પરંતુ તેને પોતાની ચિંતા નથી અને આપણી ચિંતા વધુ છે. કેરળ બંગાળ અને આસામમાં હાર્યા બાદ પણ તેઓ ઊંઘમાંથી જાગ્યા નથી.

પીએમ મોદીએ સંસદીય દળની બેઠકમાં કહ્યું કે દિલ્હીમાં ૨૦ ટકા ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સ હજુ પણ વેક્સિનેટેડ થયા નથી. આ સાથે જ તેમણે કહ્યું કે દેશમાં કોરોના રસીની કોઈ કમી નથી. તેને લઈને નકારાત્મક માહોલ બનાવવાની કોશિશ થઈ રહી છે.

## ડિજિટલ ઈન્ડિયાઃ ભારત ઈન્ટરનેટ સ્પીડ મામલે નેપાળ-પાકિસ્તાન કરતા પણ પાછળ

ન્યુ દિલ્હી,તા.૨૦

દેશમાં ઈન્ટરનેટની સ્પીડમાં સુધારા-વધારા ચોક્કસ રીતે થયા છે પરંતુ તે છતા પાકિસ્તાન અને નેપાળ જેવા દેશો કરતાં ભારતમાં નેટની સ્પીડ ઓછી છે. આ વર્ષે જૂન મહિનામાં ભારતની સરેરાશ મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડ ૧૭.૮૪એમબીપીએસ રહી, જ્યારે પાકિસ્તાનની ૧૯.૬૧ એમબીપીએસ સ્પીડ છે. તેવી જ રીતે નેપાળ પણ ૨૨.૦૮એમબીપીએસની સ્પીડ સાથે ભારત કરતા પણ આગળ છે.

ઓક્લા દ્વારા તાજેતરમાં જાહેર કરેલી ઈન્ટરનેટ સ્પીડના આંકડા અનુસાર અમેરિકા ઈન્ટરનેટની સ્પીડ બાબતે પ્રથમ ક્રમે છે જ્યાં સ્પીડ ૧૯૩.૫૧ MBPS છે. જ્યારે ૧૮૦.૪૮ MBPSની સ્પીડ સાથે સાઉથ કોરિયા બીજા ક્રમે છે. ત્રીજા ક્રમે કતાર છે જેની ઈન્ટરનેટ સ્પીડ ૧૭૧.૭૬ MBPS છે. નોર્વેમાં ઈન્ટરનેટ સ્પીડ ૧૬૭.૬૦ MBPS છે.

ફિક્સ્ડી ઈન્ટરનેટ સ્પીડની વાત કરીએ તો ભારતની જૂન મહિનાની ૧૮૧ દેશોમાં ૭૦મું રેંકિંગ છે. આ દરમિયાન સરેરાશ ડાઉનલોડ સ્પીડ 58.17MBPS રહી. જે મે મહિનામાં 55.65MBPS હતી એટલે કે મામૂલી ત્રણ પોઈન્ટનો વધારો થયો છે.

જોકે ફિક્સ્ડ બ્રોડબેંડ ઈંટરનેટ સ્પીડની રેંકિંગમાં ભારત કરતા નેપાળ અને પાકિસ્તાન પાછળ છે. આ લિસ્ટમાં પાકિસ્તાન ૧૬૪મા જ્યારે નેપાળ ૧૧૫માં સ્થાને છે. ટોચના પાંચ ફિક્સ્ડ બ્રોડબેંડ સ્પીડ વાળા દેશોમાં મોનેકો 260.74MBPS સાથે પ્રથમ ક્રમે છે. સિંગાપોર 252.68MBPS સાથે બીજા, હોંગકોંગ 248 MBPSની સ્પીડ સાથે ત્રીજા ક્રમે છે.ગ્લોબલ મોબાઈલ ઈંટરનેટની સ્પીડ અંગે વાત કરીએ તો ભારતમાં જૂન મહિનામાં સરેરાશ ડાઉનલોડ સ્પીડ 55.34MBPS રહી, જ્યારે અપલોડિંગ સ્પીડ 12.69MBPS રહી. ફિક્સ્ડ બ્રોડબેંડ સ્પીડ મામલે સરેરાશ ડાઉનલોડ સ્પીડ 106.61MBPS રહી છે. જ્યારે અપલોડિંગ સ્પીડ 57.67MBPS રહી છે. એટલે કે મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડમાં પણ ભારતમાં વધારો થયો છે.

### આ વર્ષે આ ત્રીજી વખત બજારમાં બ્લાસ્ટ કરવામાં આવ્યો

## ઈરાકમાં ઈદ પહેલાં ISISનો બ્લાસ્ટઃ ૩૦ના મોત, ૩૫ ઘાયલ



બગદાદ,તા.૨૦

ઈરાકમાં થયેલા બોમ્બ બ્લાસ્ટની જવાબદારી આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટ સમુહે લીધી છે. ઈરાકની રાજધાનીમાં મંગળવારે એક બોમ્બ બ્લાસ્ટ થયો છે. તેમાં ૩૦ લોકોના મૃત્યુ થયા છે. એક ટેલિગ્રામ ગ્રુપ પર પોતાનો મેસેજ મોકલતા આઈએસએ જણાવ્યું કે અબૂ હમજા અલ નામના હુમલાખોરે સોમવારે બગદાદના શહેરમાં ભીડની વચ્ચે જઈને વિસ્ફોટ કર્યો. જેમાં ૩૦ લોકોના મૃત્યુ થયા અને ૩૫ લોકો ઘાયલ થયા છે.

એક ફોટોગ્રાફરના જણાવ્યા મુજબ આ બ્લાસ્ટ બગદાદમાં તાજેતરના વર્ષોમાં થયેલા ભીષણ હુમલાઓમાંથી એક હતો. વિસ્ફોટ પછી પીડિતોના શરીરના હિસ્સા બજારમાં છુટાછવાયેલા પડ્યા હતા. ઈદના કારણે બજારમાં ભારે ભીડ હતી. ઈરાકના રાષ્ટ્રપતિ બરહમ સાલિહએ ગીચ વસ્તી ધરાવતા શિયા ઉપનગરમાં થયેલા બ્લાસ્ટને ગંભીર ગુનો ગણાવ્યો હતો અને પોતાની સંવેદના વ્યક્ત કરી. મેડિકલ સૂત્રોના જણાવ્યા મુજબ, મૃત્યુ પામનારાઓમાં આઠ મહિલાઓ અને સાત બાળકો સામેલ છે.

વિસ્ફોટ પછી સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવેલા વીડિયો ફુટેજમાં લોહીથી લથપથ પીડિત અને લોકો ડરીને બૂમો પાડતા દેખાઈ રહ્યાં છે. બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે કેટલીક દુકાનોની છત પણ ફાટી ગઈ. એએફપીના પત્રકારોએ કહ્યું કે પાણીની બોટલોથી ભરેલુ રેફ્રિજરેટર લોહથી લથપથ હતુ અને ફળની સાથે ચંપલ જમીન પર વેરવિખેર પડ્યા હતા.

ઈરાકના વડાપ્રધાન મુસ્તફા અલ-કદીમીએ બજારના ક્ષેત્ર માટે જવાબદાર સંધીય પોલિસ રેજિમેન્ટના કમાન્ડરની ધરપકડ કરવાનો આદેશ આપ્યો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેની તપાસ કરવામાં આવી રહી છે. આ વર્ષે આ ત્રીજી વખત બજારમાં બ્લાસ્ટ થયો છે. ઈસ્લામિક સ્ટેટ આ પહેલા પણ બગદાદમાં ઘણા બ્લાસ્ટ કરી ચુક્યું છે. આ પહેલા જાન્યુઆરીમાં ઈસ્લામિક સ્ટેટ સમુહે એક આત્મધાતી બોમ્બ વિસ્ફોટની જવાબદારી લીધી. તેમાં ૩૨ લોકોના મૃત્યુ થયા હતા. તે પણ બગદાદના બજારમાં થયો હતો.

## આસામમાં મહિલા ડોક્ટર કોરોનાના આલ્ફા-ડેલ્ટા બંન્ને વેરિઅન્ટથી સંક્રમિત

ડિબ્રૂગઢ,તા.૨૦

આસામના ડિબ્રૂગઢ જિલ્લામાં એક મહિલા ડોક્ટરમાં કોરોનાના આલ્ફા અને ડેલ્ટા બંને વેરિઅન્ટ મળ્યા છે. એક્સપર્ટના જણાવ્યા અનુસાર દેશમાં ડબલ સંક્રમણનો આ પ્રથમ કેસ છે. ડિબ્રૂગઢ સ્થિત ક્ષેત્રીય ચિકિત્સા અનુસંધાન કેન્દ્રમાં પરિક્ષણ દરમિયાન આ મામલો પ્રકાશમાં આવ્યો છે. રસીના બંને ડોઝ લીધા હોવા છતાં મહિલા ડોક્ટર બીજી રસી લીધાના એક મહિના પછી કોરોનાવાઈરસના બંને વેરિઅન્ટથી સંક્રમિત થયા છે. જોકે તેમનામાં સંક્રમણના હલ્કા લક્ષણ હતા અને હોસ્પિટલમાં દાખલ થયા વગર તે સાજા થઈ ગયા.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યાઃ૨૯
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૮૨૪૫૪૬
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુઃ ૦
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૬૧
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૮૧૪૦૫૯

### જીવનના અધિકારને દાવ પર લગાવી ન શકાયઃ સુપ્રિમ

## કેરળ સરકારે બકરી ઇદમાં ઢીલ આપતા સુપ્રિમ કોર્ટે ફટકાર લગાવી



ન્યુ દિલ્હી,તા.૨૦

કોરોનાના વધતા કેસની વચ્ચે કેરળ સરકાર તરફથી બકરી ઈદ પર લોકડાઉનમાં અપાયેલી ઢીલ અંગે સુપ્રીમ કોર્ટે નારાજગી જાહેર કરી છે. સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું કે કોઈ પણ પ્રકારનું દબાણ ભારતના નાગરિકોના જીવનના સૌથી કિંમતી જીવવાના અધિકાર(રાઈટ ટુ લિવ)નું ઉલ્લંઘન ન કરી શકે. જો કોઈ ઘટના બને છે તો લોકો સહિત કોઈ પણ અમને એ બાબતે માહિતીગાર કરી શકે છે અને તે મુજબ જ કાર્યવાહી કરવામાં આવશે. કોર્ટે કહ્યું કે એ ચોંકાવનારી વાત છે કે લોકડાઉનમાં ઢીલ આપવા જેવો મહત્વનો નિર્ણય સરકાર વેપારી સંગઠનોના દબાણમાં આવીને કરી રહી છે. એવામાં જો બકરી ઈદની ઢીલ આપવાના કારણે કોરના સંક્રમણ ફેલાવવાની ગતિ વધે છે અને કોઈ પણ વ્યક્તિ આ મુદ્દાને કોર્ટ સમક્ષ ઉઠાવે છે તો કાર્ટ કાર્યવાહી કરશે.

સુપ્રીમ કોર્ટ કહ્યું અમે કેરળને બંધારણના અનુચ્છેદ ૨૧ની સાથે અનુચ્છેદ ૪૪ પર ધ્યાન આપવા અને કાવડ યાત્રાને લઈને આપવામાં આવેલા અમારા ચુકાદાને ધ્યાને લે.

બકરી ઈદ પર લોકડાઉનમાં ઢીલ પર કેરળ સરકારની અધિસુચનાને રદ કરવા પર કોર્ટે કોઈ આદેશ આપ્યો નથી. લોકડાઉનમાં ઢીલનો આજે અંતિમ દિવસ છે. પિટિશનર તરફથી સિનિયર એડવોકેટ વિકાસ સિંહે કહ્યું કે મામલામાં કોર્ટ કોઈ આદેશ આપી શકે છે. આ અંગે કોર્ટે કહ્યું કે હવે તેનો કોઈ અર્થ નથી.

આ પહેલા સુપ્રીમ કોર્ટે સોમવારે કેરળ સરકાર દ્વારા બકરી ઈદના નિયમો પર ઢીલ આપવાના નિર્ણય પર સખ્ત ટિપ્પણી કરી હતી. જસ્ટિસ આર એફ નરીમનની બેન્ચે કહ્યું હતું કે આવા સમયમાં જ્યારે રાજ્યમાં મેડિકલ ઈમરજન્સી છે ત્યારે નિયમોમાં છુટ આપવાનો સરકારનો નિર્ણય હેરાન કરનારો છે. રાજ્ય સરકાર લોકોની જીંદગી સાથે રમી રહી છે. એવું લાગી રહ્યું છે કે આ ગંભીર સમયમાં સરકાર લોકોને મોતના મોઢામાં ધકેલવાની તૈયારી કરી રહી છે.

## તંત્રી સ્થાનેથી...

### રાજકીય પક્ષો પ્રત્યે પ્રજાની નારાજગી શામાટે વધતી જઈ રહી છે......?

દેશમાં કોરોનાના કેસોમા ધરખમ ઘટાડો થતાં જ કોરોના કાળમાં હોમક્વોરોન્ટાઇન રહેલા રાજકારણીઓ મેદાનમાં આવી ગયા છે.જો કે મોટા ભાગના નેતાઓ ચુટાયા પછી આમ પ્રજાથી દૂર જ રહેતા હોય છે...! દેશનું નાનુ કે મોટું કોઈ પણ રાજ્ય હોય ત્યાના મહત્વાકાંક્ષી રાજકારણીઓએ પોતાના મતલબી ફુંફાડા મારવાનું શરૂ કરી દીધું છે. પછી તે ભાજપના હોય કે કૉંગ્રેસના કે પછી કોઇપણ પક્ષના. કૉંગ્રેસના બળવાખોરીએ વરવુ રૂપ ધારણ કર્યું છે જે રૂપ અસમંસતા ભર્યું હોય છે... તો શિસ્તબધ્ધ કહેવાતા ભાજપની શિસ્તના યુપીમાં ધજીયા ઉડ્યા છે. અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટીને ગ્રામ્ય વિસ્તારોની સ્થાનિક ચૂંટણીઓમાં મોટી સફળતા મળતા તેનો પક્ષ હવામાં ઊડવા લાગ્યો છે. ત્યારે માયાવતી બસપાની એકલપંડે ચૂંટણી લડવાનું બ્યુગલ બજાવવાની જીદને લઈને વિપક્ષો એક જૂટ થઈ જશે તેવા પ્રજાના વિશ્વાસ પર પાણી ફેરવી દીધું છે. પરંતુ કોઈપણ પક્ષ કે તેના નેતાગણ એ બાબતો સમજવા તૈયાર નથી તે રાજકીય ઊથલપાથલોથી આમ પ્રજા નારાજ છે. પ્રજાને નડતી ત્રાસદાયી મોંઘવારી, બેરોજગારી, સરકારી સ્વાસ્થ્ય સુવિધાઓ બાબતે તથા પ્રજાહિતના અન્ય પ્રશ્નો બાબતે કૉંગ્રેસ સિવાય કોઈપણ પક્ષ વિરોધ કરતા નથી કે પ્રદર્શનો કરતા નથી. જોકે કેજરીવાલની આમ આદમી પાર્ટી મોટા પ્રમાણમાં વિરોધ કરે છે તો ઑવૈસીનો પક્ષ એકાદ બે રાજ્યમા દેખાવો કરતા રહે છે. પરંતુ તેઓની મર્યાદિત સંગઠન શક્તિ છે જે એકાદ બે રાજ્યો પૂરતી છે. ત્યારે વિરોધ પ્રદર્શનો બાબતે જે તે સરકાર પણ પોતાના ફાયદા અનુસાર દેખાવો માટે મંજૂરી આપે છે તો અન્યોને મંજૂરી નહીં આપીને પોતાના લાભાન્વિત ખેલ સફળ કરવા તરફ આગળ વધે છે. આ બધી બાબતો વચ્ચે કૉંગ્રેસને મોટાભાગે મોંઘવારી,પેટ્રોલ-ડિઝલનો ભાવ વધારો જેવા પ્રશ્ને વિરોધ પ્રદર્શન કરવા મંજૂરી અપાતી નથી. જ્યારે કે દેશમા આમ પ્રજા હવે જાગૃત થઈ ગઈ છે... રાજકિય પક્ષોની નીતિ-રીતિ લગભગ સમજી ગઈ છે..... દરેક પક્ષની સત્તાલક્ષી ધ્યેય હોવાની બાબતો જાણી ગઈ છે....! ત્યારે હવે ખોટા રાજકીય સ્ટંટ કે વાર્તાઓ ચાલશે નહીં તે વાત રાજકીય પક્ષોએ સમજી જવાનો સમય પાકી ગયો છે.....!

પંજાબમાં કૉંગ્રેસની સરકાર છે અને કેપ્ટન અમરિંદર સિંહ મુખ્યમંત્રી છે ત્યાં નવજોત સિંહ સિદ્ધુ હવે સીએમ બનવા માટેના વિવિધ ખેલ કરી રહ્યા છે અને તેમના પર કોઈ મોટા નેતાનો હાથ કે આશિર્વાદ હોય તોજ સીધ્ધુ મોટો દાવ ખેલતો હોય તે સ્વાભાવિક છે....! ઉત્તર પ્રદેશમાં ભાજપની યોગી સરકાર છે અને તેને છંછેડવાનું કામ ખુદ ભાજપના નેતાઓએ જ કર્યું છે.ઉપરાત યોગી યુપીમાં કોઈ માથું મારે તે બાબત સ્વિકારે તેમ નથી....! તો રાજસ્થાનમાં વસુંધરા રાજેને હાંસિયામાં ધકેલવા જતા ખૂદ ભાજપ નેતાગીરી ભીંસમાં આવી ગઈ છે. ટૂંકમાં ભાજપ કે કૉંગ્રેસ નબળી કડી શોધી કાઢવામાં ખત્તા ખાઈ જાય છે.... છતાં મોડે-મોડે ભૂલ સમજાઇ ત્યારે તેનો રસ્તો કાઢે છે. જેમ કે કૉંગ્રેસે પંજાબમાં કૉંગ્રેસ પ્રમુખ તરીકે હોહા મચાવતા નવજોતસિંહ સિધ્ધુને પંજાબ પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ પદે બેસાડી દઉ મામલો શાંત કર્યો. રાજકીય પક્ષોમાં આંતરિક હુંસાતુંસી, હું પદ કે પદ પ્રાપ્તિની સ્પર્ધાને કારણે બળવાખોરોને માટે તો બગાસું ખાતા મોમા પતાસું આવી જાય છે... ત્યારે ભાજપાએ અન્ય પક્ષોનાને પ્રવેશ આપી તેઓને મહત્વ આપ્યું જેના કારણે વર્ષો જૂના અને પક્ષ વફાદારોમાં નારાજગી વ્યાપી ગઈ છે, તો પક્ષના તથા સરકારમા પદાધિકારીઓ પણ ઘૂઘવાયેલા છે.....

# ગુરુપૂર્ણિમાનું મહત્વ અને આપત્કાલીન સ્થિતિમાં ધર્મશાસ્ત્ર અનુસાર ગુરુપૂર્ણિમા કેવી રીતે ઉજવવી !




**‘ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ,ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ**

ગુરુપૂર્ણિમા એટલે કે ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો દિવસ. આ વર્ષે વ?યાસપૂર્ણિમા, અર્થાત્ ગુરુપૂર્ણિમા ૨૩ જુલાઈ ના દિવસે છે. સનાતન સંસ?થા વતી સંકલિત કરેલા સદર લેખ માંથી, ગુરુપૂર્ણિમા અને ગુરુ શિષ્ય પરંપરાનું મહત્વ તેમજ ગુરુપૂજનની વિધિ આ વિષય બાબત જાણી લઈએ. કોરોનાનો પ્રાદુર્ભાવ હજુ કેટલાક જગ્યાઓપર હોવાથી આ વર્ષે પણ હંમેશાંની જેમ પ્રત્યક્ષ ગુરુપૂર્ણિમા ઊજવવામાં મર્યાદા આવી શકે છે. પ્રસ?તુત લેખમાં કોરોના સંકટકાળમાં નિર્બંધો વચ?ચે પણ ગુરુપૂર્ણિમા કેવી રીતે ઊજવવી, તે અપડે સમજી લઈશું.

મહત્ત્વ

હિંદુ સંસ્કૃતિમાં ગુરુનું મહત્ત્વ અનન્યસાધારણ કહ્યું છે. તેથી જ અષાઢ પૂર્ણિમાના દિવસે ગુરૂપૂજન કરવામાં આવે છે. તેનેજ ગુરુપૂર્ણિમા તેમ જ વ્યાસ પૂર્ણિમા પણ કહે છે. વ્યાસ મુનિએ માનવજાતી પર કરેલા જ્ઞાનદાનના ઉપકાર મહાન છે. વ્યાસ મુનિએ આપેલા જ્ઞાનને કારણે માનવી પોતાના કર્મબંધનમાંથી મુક્ત થાય છે.

અસતો મા સદ્ગમય તમસો મા જ્યોતિર્ગમય મૃત્યોર્મા ડ મૃતં ગમય ?

આ શ્લોકમાં એક વિજ્ઞાન છે. તે એમ છે કે, આ માયારૂપી જગતમાં જડ અને ચૈતન્ય દ્વારા કાર્ય થતું હોય છે. આવરણ એ જડ, અસત્, તમસ અને નાશ પામનારું છે, જ્યારે તેની અંદર રહેલું ચૈતન્ય એ સત્, જ્યોતિર્મય, પ્રકાશમય, સ્વસંવેદ્ય, ચૈતન્યમય અને અમર, કાયમસ્વરૂપી આનંદમય છે. જડસ્વરૂપ સગુણ આ તો કેવળ સાધન છે. તેથી ગુરુ આ જગતની, આ માયાની સત્યસ્થિતિનું શિષ્યને ભાન કરાવીને અમરરૂપી આત્મતત્ત્વ ભણી તેને લઈ જાય છે. આ મહાન કાર્ય ગુરુકૃપાને કારણે બની શકે છે.

ગુરુ શિષ્યને અસત્ય એવા માયાના પાશમાંથી મુક્ત કરીને તેને સત્ય એવા આત્મતત્ત્વ ભણી દોરી જાય છે. વાસ્તવિક માયા આ સાધન છે અને તે જ સત્ય છે, એવા ભ્રમરૂપી અજ્ઞાનમાંથી ગુરુ તેને પોતાના આત્મજ્ઞાન દ્વારા આત્મપ્રકાશ ભણી દોરી જાય છે. શરીરના મોહને કારણે ‘શરીર અમર રહેવું જોઈએ’, એવું તે સમજતો હોવાથી તેને સતત મૃત્યુનો ભય રહે છે. આવા મૃત્યુનો ભય રહેલા શિષ્યને ગુરુદેવ આત્મરૂપી અમર તત્ત્વ ભણી લઈ જાય છે.

જીવતત્ત્વ જ્યારે ભૂતલ પર જન્મે છે, ત્યારે તે આગળ જતાં માયાના પ્રભાવને કારણે માયાને જ સત્ય સમજી લઈને તેના સકંજામાં સપડાઈને કાર્ય કરવા લાગે છે. કળિયુગમાં તેને માતા-પિતા સત્યની જાણ કરી આપતા નથી તેમ જ સમાજ પણ માયામાં સપડાયો હોવાથી સત્યનાં દર્શન કરાવી આપતો નથી. કેવળ ગુરુ, કે જેમને સત્યનો બોધ થયો છે, તેઓ જ તે જીવને સાધનામાર્ગ દ્વારા સત્યની અનુભૂતિ કરાવી આપે છે.

રાષ્ટ્ર અને ધર્મરક્ષણની શીખામણ આપનારા ગુરુદેવના કાર્યનું સ્મરણ કરો !

અ. આર્ય ચાણક્યએ તક્ષશિલા વિદ્યાપીઠમાં ‘આચાર્ય’ પદપર નિયુક્ત થયા પછી તેમણે કેવળ વિદ્યાદાનમાં જ ધન્યતા માની લેવાને બદલે, ચંદ્રગુપ્ત જેવા અનેક શિષ્યોને ક્ષાત્ર-ઉપાસના કરવાનો મહામંત્ર પ્રદાન કરીને તેમની પાસેથી પારકાં ગ્રીક લોકોનું હિંદુસ્થાન પરનું આક્રમણ વખોડી કાઢ્યું અને હિંદુસ્થાનને એકસંઘ બનાવ્યો.

આ. પ્રત્યક્ષ પ્રભુ શ્રીરામચંદ્રજીનાં દર્શન થયેલાં સમર્થ રામદાસસ્વામી કેવળ રામનામના જપમાં રમમાણ થવાને બદલે, સમાજે બળ-ઉપાસના કરવી, તે માટે તેમણે અનેક ઠેકાણે હનુમાનજીની સ્થાપના કરી અને શિવાજી મહારાજજીને અનુગ્રહ આપીને તેમની પાસેથી ‘હિંદવી સ્વરાજ્ય’ની સ્થાપના કરાવી લીધી.

ઇ. વર્તમાન કાળમાં થઈ ગયેલા સ્વામી વરદાનંદ ભારતી અને મહાયોગી ગુરુદેવ કાટેસ્વામીજી, આ પણ તેવા જ મહાન ગુરુદેવ હતા. ધર્મ અને અધ્યાત્મની શીખામણ આપતી વેળાએ જ આ મહાપુરુષોની લેખણી બની તલવાર, તે કેવળ રાષ્ટ્ર અને ધર્મના કર્તવ્યો વિશે નિદ્રાધીન રહેલાં હિંદુ સમાજને જાગૃત કરવા માટે જ !

આવા તો કંઈ કેટલાયે ગુરુજનો છે કે, જેમણે પોતાના આચાર-વિચારો દ્વારા પોતાના શિષ્યો અને સમાજ સામે પણ રાષ્ટ્ર અને ધર્મ રક્ષણના પવિત્ર કાર્યનો આદર્શ મૂક્યો છે.

આપત્કાલીન સ્થિતિમાં (કોરોનાની પાર્શ્ર્વભૂમિ પર) ધર્મશાસ્ત્ર અનુસાર ગુરુપૂર્ણિમા ઊજવવાની પદ્ધતિ!

ગયા વર્ષની જેમ આ વર્ષે પણ કોરોનાની પૃષ્ઠભૂમિ પર ગુરૂપુર્ણિમા મહોત્સવ ઉજવવા માટે મર્યાદા હોઈ શકે છે. હિંદુ ધર્મમાં આપત્કાળ માટે ધર્માચરણમાં કેટલાક પર્યાય કહ્યા છે. તેને ‘આપદ્ધર્મ’ કહે છે. આપદ્ધર્મ એટલે ‘આપદિ કર્તવ્યો ધર્મ:?’ અર્થાત્ આપદામાં (આપત્તિમાં) આચરવાનો ધર્મ. વર્તમાનમાં કોરોનાની પાર્શ્ર્વભૂમિ પર સદર લેખમાં વર્તમાન સ?થિતિમાં ધર્માચરણ તરીકે શું કરી શકાય, તેનો વિચાર અત્રે કરવામાં આવ?યો છે. અહીં મહત્ત્વનું સૂત્ર એમ છે કે, હિંદુ ધર્મએ કયા સ?તર પર જઈને માનવીનો વિચાર કર્યો છે, એ શીખવા મળે છે. તેમાંથી હિંદુ ધર્મનું એકમેવાદ્વિતીયત?વ રેખાંકિત થાય છે.

અ. બધાએ પોતપોતાના ઘરે ભક્તિભાવથી ગુરુપૂજન અથવા માનસપૂજા કરવાથી પણ લાભ મળી શકવો

ગુરુપૂર્ણિમાના દિવસે મોટાભાગના લોકો તેમના શ્રી ગુરુદેવને ત્યાં જઈને તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. પ્રત્યેકની શ્રદ્ધા અનુસાર કોઈ શ્રી ગુરુ, કોઈ માતા-પિતા, કોઈ વિદ્યાગુરુ (જેમણે આપણને જ્ઞાન આપ્યું, તે શિક્ષક), કોઈ આચાર્યગુરુ (આપણે ત?યાં પરંપરાગત પૂજા માટે આવનારા ગુરુજી), જ?યારે કોઈ મોક્ષગુરુ (જેમણે આપણને સાધનામાં દિશાદર્શન કર્યું, મોક્ષનો માર્ગ બતાવ?યો, તે શ્રી ગુરુ) પાસે જઈને તેમનાં ચરણોમાં કૃતજ્ઞતા વ?યક્ત કરે છે. આ વર્ષે કોરોના મહામારીની પાર્શ્ર્વભૂમિ પર આપણે ઘરે રહીને ભક્તિભાવથી શ્રી ગુરુના છાયાચિત્રનું પૂજન અથવા માનસપૂજન ભાવપૂર્ણ રીતે કરવાથી પણ આપણને ગુરુતત્ત્વનો લાભ એક સહસ્ર ગણો થશે. પ્રત?યેકની શ્રદ્ધા અનુસાર ઉપાસ?યદેવતા, સંત અથવા શ્રી ગુરુ ભલે જુદા હોય, છતાં ગુરુતત્ત્વ એકજ હોય છે.

આ. સર્વ ભક્તોએ એકજ સમયે પૂજા કરવાથી સંગઠિત શક્તિનો લાભ થઈ શકવો

સંપ્રદાયમાંના સર્વ ભક્તોએ પૂજનનો સમય નક્કી કરીને બને ત?યાં સુધી તે જ સમયે પોત-પોતાના ઘરે પૂજન કરવું. ‘એકજ સમયે પૂજન કરવાથી સંગઠિત શક્તિનો વધારે લાભ મળે છે’, તે માટે સર્વાનુમતથી બને ત?યાં સુધી એક સમય નક્કી કરીને તે સમયે પૂજન કરવું. સવારનો સમય પૂજા માટે ઉત્તમ માનવામાં આવે છે. જેમને સવારે પૂજા કરવાનું બનતું હોય, તેમણે સવારનો સમય નક્કી કરીને તે સમયે પૂજા કરવી. કેટલાક અપરિહાર્ય કારણોસર જેમને સવારે પૂજા કરવી શક્ય ન હોય, તેમણે સાંજનો એકાદ સમય નક્કી કરીને તે સમયે; પણ સૂર્યાસ?ત પહેલાં, અર્થાત્ સાંજે ૭ કલાક પહેલાં પૂજા કરવી. જેમને નક્કી કરેલા સમયે પૂજા કરવાનું સંભવ નથી, તેમણે પોત-પોતાના સમય અનુસાર પણ સૂર્યાસ?ત પહેલાં પૂજા કરવી. પ્રત્યેકે પોત-પોતાના સંપ્રદાય અનુસાર શ્રી ગુરુ અથવા ઉપાસ?યદેવતાનું ચિત્ર, મૂર્તિ અથવા પાદુકાનું ઘરે પૂજન કરવું. ચિત્ર, મૂર્તિ અથવા પાદુકાને ગંધ (ચંદન) લગાડીને પુષ?પ ચડાવવું. ધૂપ, દીપ અને નૈવેદ્ય ધરીને પંચોપચાર પૂજા કરવી. પછી શ્રી ગુરુદેવની આરતી ઉતારવી. જેઓ સામગ્રીના અભાવથી પ્રત?યક્ષ પૂજા કરી શકતા નથી, તેમણે શ્રી ગુરુ અથવા ઉપાસ?યદેવતાની માનસપૂજા કરવી.

ત્યાર પછી શ્રી ગુરુએ આપેલા મંત્રનો જપ કરવો. શ્રી ગુરુ આપણા જીવનમાં આવ?યા પછી થયેલી અનુભૂતિઓનું સ?મરણ કરીને તેમના પ્રત?યે કૃતજ્ઞતા વ?યક્ત કરવી. એ સમયે ‘સમગ્ર વર્ષ દરમ?યાન આપણે સાધનામાં ક્યાં ઓછા પડ્યા ? આપણે શ્રી ગુરુની શિખામણનું કેટલા પ્રમાણમાં આચરણ કર્યું ?’ તેનું પણ સિંહાવલોકન કરીને તેનું ચિંતન કરવું.’

સંદર્ભઃ સનાતન સંસ્થાનો ગ્રંથ ‘તહેવાર, ધાર્મિક ઉત્સવ અને વ્રત‘

## ભાજપને ડો. બાબાસાહેબ પ્રત્યે સુગ છે તે શાબિત કરી બતાવ્યું—નરેશભાઈ સાગઠીયા



રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, એસ.સી.વિભાગના ચેરમેન નરેશભાઈ સાગઠીયા, પૂર્વ કોર્પોરેટર રવજીભાઈ ખીમસુરીયા એ જણાવ્યું છે કે રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરીનું નામ “ડો. આંબેડકર ભવન” રાખવામાં આવેલ છે પરંતુ આ આખી કચેરીમાં ક્યાય ડો.બાબાસાહેબની સ્મૃતિ રાખવામાં આવેલ નથી તેમજ ક્યાય સ્ટેચ્યુ પણ રાખવામાં આવેલ નથી જેથી તા.૧૮/૦૪/૨૦૧૭ ના રોજ મળેલ જનરલ બોર્ડમાં પુરવણી દરખાસ્ત તરીકે વિજીલન્સ બ્રાંચ ની ઉપરની દીવાલે આર.સીસી. થી એમ્બોસ કરેલ ચિત્ર મુકવાની દરખાસ્ત વશરામભાઈ સાગઠીયાએ અનુસુચિત જાતી સમાજના આગેવાનો અને કર્મચારીઓ એ માંગણી અનુસંધાને દરખાસ્ત કરી હતી. અને એમ્બોઝ ચિત્ર પણ સ્વખર્ચે મુકવાનું હતું આ દરખાસ્તને કોર્પોરેટરશ્રી રવજીભાઈ ખીમસુરીયાએ ટેકો આપેલ હતો.

આ દરખાસ્ત સાંભળી ભાજપના પેટમાં તેલ રેડાયું અને કોંગ્રેસ પક્ષને જશ ન મળે તે માટે ભાજપ દ્વારા એક નવી દરખાસ્ત મુકવામાં આવી હતી જેમાં કોર્પોરેશનના મેયર ચેમ્બરના પગથીયા સામે પોર્ચમાં કે જયાં સિવિક સેન્ટરની દીવાલ આવેલ છે ત્યાં ગ્રેનાઈટ/માર્બલ નું બોક્સ બનાવી ડો. બાબાસાહેબ આંબેડકરનું તૈલી ચિત્ર મુકવાની દરખાસ્ત બહુમતી નાં જોરે મંજુર કરી હતી પરંતુ , ચારેક વર્ષ જેવો સમય થયો હોવા છતાં હજુ સુધી આ દરખાસ્તનો અમલ કરેલ નથી અગાઉ પણ વારંવાર રજુઆતો પણ કરેલ હતી છેલ્લે તા.૨૮/૦૬/૨૦૨૧ના પત્રમાં કોંગ્રેસપક્ષ ના કોર્પોરેટરો દ્વારા મ્યુનીસીપલ કમિશ્નર અને મેયરશ્રીને પત્ર લખી વિનંતી કરેલ પરંતુ આજ સુધી આ બાબતનો જવાબ આજ સુધી અમોને મળેલ નથી. આ પત્રમાં જણાવ્યા મુજબ અમોને જવાબ ન મળતા અમારે ગાંધીચિંધ્યા રાહે ઉપવાસ પર બેસવાનું રહે છે અગાઉના પત્રો માં પણ કમિશ્નરશ્રી અને મેયરશ્રી ને ઉપવાસ પર બેસવા જાણ કરેલ છે તો અમારે કોર્પોરેશનના શાસકો અને કમિશ્નરની સામે બે દિવસના તા.૨૫/૦૭/૨૦૨૧ થી તા.૨૬/૦૭/૨૦૨૧ સુધી ઉપવાસ પર બેશવાની મંજુરી માંગેલ છે જેની જાણ અમોએ પોલીસ કમિશ્નર અને મેયરશ્રીને પણ કરેલ છે.

## નાગાલેન્ડથી આવેલા પર BSF જવાનો કોરોના સંક્રમિત

બનાસકાંઠા,તા.૨૦

એક તરફ ગુજરાતમાં કોરોનાના બહોળા પ્રમાણમાં કરવામાં આવેલા રસીકરણ બાદ કોરોના કાબૂમાં હોય તેવું ચિત્ર ઉપસ્થિત થઈ રહ્યું છે. તેની વચ્ચે લોકોની બેદરકારી દિનપ્રતિદિન વધી રહી છે. લોકો બધું ભૂલી અને સામાન્ય જીવન જીવવા લાગ્યા છે, પરંતુ એક એવી ઘટના સામે આવી છે કે જેને લઈને લોકોએ હજુ પણ જાગૃતિ રાખવી પડશે તેમ લાગી રહ્યું છે. થરાદમાં નાગાલેન્ડ થી આવેલ બીએસએફના એકસાથે ૫૨ જવાનો કોરોના પોઝિટિવ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

આ અંગે પ્રાપ્ત માહિતી પ્રમાણે ગુજરાતમાં ત્રીજી લહેરના ભણકારા વાગી રહ્યા છે, ત્યાં કોરોના વિસ્ફોટ થયો છે. બનાસકાંઠામાં એકસાથે ૫૨ બીએસએફ જવાનો કોરોના સંક્રમિત થવાની વાતથી ચકચાર મગી ગઈ છે. બનાસકાંઠામાં અત્યાર સુધી ૫૨ બીએસએફ જવાનો કોરોના પોઝિટિવ થયા છે. આ તમામ જવાનો પશ્ચિમ બંગાળ અને નાગાલેન્ડથી બનાસકાંઠા આવ્યા હતા. કુલ ૪૪૩ બીએસએફ જવાનોનો કોરોના રિપોર્ટ કરાયો હતો. સંક્રમિત જવાનોને થરાદની મોડલ સ્કૂલમાં ક્વોરેન્ટાઈન કરાયા છે. નવા વેરિયન્ટની તપાસ માટે સેમ્પલ ગાંધીનગર મોકલાયા છે.

સરકારની સક્રિયતા અને બહોળા પ્રમાણમાં રસીકરણને કારણે કોરોનાના કેસ માં ઘટાડો થઈ રહ્યો છે ઉપરાંતગુજરાતમાં કોરોનાના કેસ તબક્કાવાર કાબુમાં આવી રહ્યો છે.

## એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં નરમાઈઃ ક્રૂડ તેલના ભાવમાં ઘટાડો

# બુલડેક્સ ફ્યુચર્સમાં ૯૭ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૯૮ પોઈન્ટની મૂવમેન્ટઃ કોટનના વાયદાના ભાવમાં સેંકડા વધ્યા

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૨૬,૮૮૭ સોદાઓમાં કુલ રૂ.૧૦,૭૧૬.૦૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના જુલાઈ વાયદામાં ૯૭ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના જુલાઈ વાયદામાં ૯૮ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૫૭,૪૮૮ સોદાઓમાં કુલ રૂ.૩,૮૨૫.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૮,૨૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૨૯૫ અને નીચામાં રૂ.૪૭,૯૬૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫ ઘટી રૂ.૪૮,૦૮૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૯ ઘટી રૂ.૩૮,૫૨૮ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫ વધી રૂ.૪,૭૫૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૭,૪૦૯ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૭,૪૯૯ અને નીચામાં રૂ.૬૬,૯૩૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧૭ ઘટી રૂ.૬૭,૦૨૯ બોલાઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં ૩૮,૫૫૯ સોદાઓમાં કુલ રૂ.૨,૮૯૩.૫૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૦૦૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૦૫૫ અને નીચામાં રૂ.૪,૯૫૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૭ ઘટી રૂ.૪,૯૭૪ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧૦ઘટી રૂ.૨૮૧.૨૦બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨,૫૪૧ સોદાઓમાં રૂ.૨૯૬.૭૯ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૩૬૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૩૬૫ અને નીચામાં રૂ.૧૩૬૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩.૫૦ ઘટી રૂ.૧,૩૬૩ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર જુલાઈ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૫૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૫૦૦ અને નીચામાં રૂ.૧૭,૧૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૩૭ ઘટી રૂ.૧૭,૨૩૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૦૮૧.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૧૭.૩૦ અને નીચામાં રૂ.૧૦૮૧.૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮.૮૦ વધી રૂ.૧૧૧૩.૬૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૧૦ ઘટી રૂ.૯૫૮.૧૦ અને કોટન જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૨૧૦ વધી રૂ.૨૫,૮૩૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૫૭૩ સોદાઓમાં રૂ.૨,૨૫૮.૦૧ કરોડનાં ૪,૬૮૫.૯૪૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૦,૯૧૫ સોદાઓમાં કુલ રૂ.૧,૫૬૭.૩૬ કરોડનાં ૨૩૨.૬૪૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫,૫૯૬ સોદાઓમાં રૂ.૧,૫૫૯.૩૬ કરોડનાં ૩૧,૨૦,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૨,૯૬૩ સોદાઓમાં રૂ.૧,૩૩૪.૨૩ કરોડનાં ૪,૭૪,૯૬,૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૩ સોદાઓમાં રૂ.૦.૦૮ કરોડનાં ૧૨ ટન અને કોટનના વાયદાઓમાં ૭૬૬ સોદાઓમાં રૂ.૭૨.૯૬ કરોડનાં ૨૮૧૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૩૮૫ સોદાઓમાં રૂ.૧૪.૬૮ કરોડનાં ૧૫૩ ટન, રબરના વાયદાઓમાં ૩૬ સોદાઓમાં રૂ.૦.૬૫ કરોડનાં ૩૮ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૩૫૧ સોદાઓમાં રૂ.૨૦૮.૪૨ કરોડનાં ૧૯,૦૧૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૫૧૮.૫૫૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૫૫.૨૩૧ ટન, એલ્યુમિનિયમમાં ૧૦,૬૨૦ ટન, જસત વાયદામાં ૧૫,૯૪૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૨,૧૬૫૦ ટન, નિકલ વાયદામાં ૩,૪૯૦.૫૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૬,૪૪૦ ટન, ક્રૂડ તેલમાં ૭,૬૪,૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૩,૩૫,૪૧,૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૯૨ ટન, કોટનમાં ૧૬૭૨૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૮૧.૩૨ ટન, રબરમાં ૧૦૮ ટન, સીપીઓમાં ૮૬,૦૨૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૭૧૫ સોદાઓમાં રૂ.૧૪૯.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૭૫૧ સોદાઓમાં રૂ.૫૯.૮૭ કરોડનાં ૮૧૬ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૯૬૪ સોદાઓમાં રૂ.૮૯.૨૦ કરોડનાં ૧,૧૭૫ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૫૬૭ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૬૮૭ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૭૦૦ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૭૧૮ અને નીચામાં ૧૪,૬૨૧ના સ્તરને સ્પર્શી, ૯૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૩ પોઈન્ટ ઘટી ૧૪,૬૪૯ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ જુલાઈ વાયદો ૧૫,૧૯૫ના સ્તરે ખૂલી, ૯૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૪ પોઈન્ટ વધી ૧૫,૧૫૬ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૧૨,૨૫૦ સોદાઓમાં રૂ.૧,૧૮૮.૭૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૩૦.૧૩ કરોડ, ચાંદીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૧.૪૮ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૨૭.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું જુલાઈ રૂ.૪૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૬ અને નીચામાં રૂ.૨૯૨.૫૦ રહી, અંતે રૂ.૧૭ વધી રૂ.૩૭૫.૫૦ થયો હતો. જ્યારે ચાંદી ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૦૩૨.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૬૬ અને નીચામાં રૂ.૯૦૦ રહી, અંતે રૂ.૬ ઘટી રૂ.૯૪૮ થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫,૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૮૬.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૩.૫૦ અને નીચામાં રૂ.૭૨ રહી, અંતે રૂ.૪.૪૦ ઘટી રૂ.૭૮.૭૦ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો સોનું જુલાઈ રૂ.૪૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૨ ખૂલી, ઊપરમાં રૂ.૨૯૫ અને નીચામાં રૂ.૧૮૨ રહી, અંતે રૂ.૨ વધી રૂ.૨૬૬ થયો હતો. જ્યારે ચાંદી ઓગસ્ટ રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯૪૪.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૪૯.૫૦ અને નીચામાં રૂ.૯૪૧ રહી, અંતે રૂ.૭૩.૫૦ વધી રૂ.૧,૦૩૦ થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૫૫.૭૦ અને નીચામાં રૂ.૨૦૬.૬૦ રહી, અંતે રૂ.૨.૬૦ વધી રૂ.૨૪૪.૫૦ થયો હતો.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ પદ્ય, રચના

વિષય : " મોક્ષ - માયા,, પ્રાણ - પ્રકૃતિ " વિષયક રચનાઓ. દિવસ - ૩ (૨૧-૭-૨૦૨૧)

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

NOG SS No :-0038

વિષય :- પ્રાણ, પ્રકૃતિ

વિભાગ :- પદ્ય

શીર્ષક :- પ્રકૃતિ ( સ્વભાવ )

પ્રકૃતિ બદલ તારી મનવા'
પ્રાણ પળમાં વહી જાય રે.
પ્રકૃતિ બદલવી હાથમાં તારા
તું ભલે મંદિર મંદિર જાય રે.
લમણે લખ્યા રઝળપાટ તારે,
માનવતા ભૂલી જાય રે.
કુદરતને લલકારે તું મનવા,
એની તાકાત ભૂલી જાય રે.
ગરીબને આપે નહિ કટકોને,
ફેસનમાં તારા રૂપિયા જાય રે.
આટ આટલી વાગે થપ્પડ તોએ,
જલ્દી બધુંજ ભૂલી જાય રે.
નવું નવું શોધી કાઢશે ને,
પોતે એમાં ફસાય જાય રે.
ખુદને બદલી શરણે જા પ્રભુના,
તારી પ્રકૃતિ ઘણું કરી જાય રે.

શીલાપટેલ "આકાંક્ષા"

---

NOG SS No :0091

વિષયઃ પ્રાણ પ્રકૃતિ

પ્રકારઃ પદ્ય

શીર્ષકઃ પ્રાણ પ્રકૃતિ સાથે જાય.

રાંડ્યા પછીનું ડહાપણ આવે, વાતમાં કોઈ સાર નથી.
અવગણી દીકરીને વાવો તુલસી, શાણપણ એમાં કોઈ નથી.
મનમાં રાખે ઈર્ષા એનું, સંબંધમાં કોઈ માન નથી.
વ્યભિચારી ને દુરાચારીનું સમાજમાં કોઈ સ્થાન નથી.
ઉપદેશો આપે આડંબરમાં, ગીતાનું કોઈ જ્ઞાન નથી.
પ્રેમ લાગણી નો ઉજાસ કર, આગ ચાંપવી સારી નથી.
પ્રાણ અને પ્રકૃતિ સાથે જાશે, એ વાત હજુ સમજાતી નથી.
પ્રેમ ભાવ રાખી જીવનમાં, સાચું કેમ જીવાતું નથી.
સમજીએ આ તત્વોને તો, પૃથ્વી પણ દુઃખી થતી નથી.
સ્વર્ગ બનતા આ ધરતીને કોઈ રોકી શકતું નથી.

જિજ્ઞાસા યુ જોષી, "શુક"

---

NOG SS No: 0015

વિષયઃ મોક્ષ- માયા

વિભાગઃ- પદ્ય

પ્રકારઃ- ગઝલ (ગા ૮)

શીર્ષકઃ- ઇશની ભેટ

સાવ સરળ ને ખુબ સસ્તો.
મોક્ષ સુધીનો જીવન રસ્તો.
ભાવને ભાંગી કરતો ભૂક્કો,
ભોગો ભોગવવા જે ભસતો.
ગેબી, ભેદી, ભવ સાગરમાં,
કર્મ કરીને, આતમ હસતો.
મોહ ને માયા ત્યાગી દઇને,
લો ઉગારી! હા, જીવને ફસતો.
છે જગતને, અનમોલ મળેલો,
ઇશની ભેટનો આ ગુલદસ્તો.
માનવ દેહની છે બલિહારી,
શિવ જ્યાં જીવ થઇને વસતો.

મેહુલ ત્રિવેદી (ઘાયલ મેઘ) ખેરાળી

---

NOG SS NO - 0037

વિષય - પ્રાણ,પ્રકૃતિ,મોહ, માયા.

વિભાગ - પદ્ય.

શીર્ષક - માયાજાળ.

હે...માનવ શત... શત... વંદન તને,
માનવ દેહ મળ્યો તને....!
સૃષ્ટી મોહ, માયાનું ચક્ર સર્જનહારનું,
માનવ અવતાર શ્રેષ્ઠ સર્જન ઈશનું...!
માનવ જન્મને ઉજાગર કર,
તું જ તારો ભાગ્ય વિધાતા બન....!
જો જે સંસારમાં રહીને,
સંસારની માયા તારા આતમને ના સ્પર્શે..!
સત્ કર્મનું ભાથું બાંધ,
મોક્ષ મેળવવાનો એક માત્ર માર્ગ..!
સંસારના સુખ, સર્વે ક્ષણિક,
અંતર મનનાં ચક્ષુ ખોલ...!
પરમ પિતાના સંતાન છીએ,
એમને ગમતાં કાર્ય કરી, ગમતાં રહીએ...!
મોહ,માયાની માયાજાળ છોડ,
ફરી મોંઘેરો માનવ દેહ નહીં મળે..!

હેમલતા દિવેચા.જૂનાગઢ

---

NOG.SS.No. 0027

વિષય :- મોહ-માયા

પ્રકાર :- ગીત

સખી, શું સમજું ?
હૈયાનાં ખૂણે મારા ફૂટે અરમાનોને,
ઓરડે વઢાય મારી કૂણી કૂંપળો,
સખી,સમજું તો શું હું યે સમજું?
આંખ્યુંના ખૂણે મારા સજતાં સપનાઓને,
પાંપણના નેવે મારું ચૂએ ચોમાસું,
સખી, કે'વું તો કોને જઈ કે'વું?
અધરોનાં ખૂણે મારા ગીતો છલકાય ને,
રૂંધાતો કંઠ મારો બારણાંની સાખે,
સખી, ગાવું તો કેમ કરી ગાવું?
પગમાં પાયલ મારી બોલે છમછમ ને,
પગલાંઓ પર મારા બેડીના બંધન,
સખી, જાવું તો ક્યાં મારે જાવું?
દલડે પ્રગટે મારી "જ્યોતિ" અપાર ને,
પોતીકો પવન મને મારે થપાટ,
સખી, ઝળકું તો કેમ કરી ઝળકું?

યોતિ આચાર્ય, અમદાવાદ

# મેઘરજ : સોશ્યલ મીડિયામાં ધાર્મીક લાગણી દુભાય તેવી પોસ્ટથી બે કોમ વચ્ચે જૂથ અથડામણ



અરવલ્લી બ્યુરો મઠવાસ

સમાજમાં કેટલાક નવરા બેઠેલા નખોદીયાઓ તેમજ કટ્ટરવાદીઓ દ્વારા કેટલીક ઘટનાઓને લઈ સમાજની શાંતિને ડહોળવાનો પ્રયાસ કરી સોશ્યલ મીડીયા ઉપર કુપ્રચાર કરીને સમાજમાં હિંસા ભડકાવવાના પ્રયાસો કરવામાં આવતા હોય છે. કેટલાક અસામાજીક તત્ત્વો અને નવરાં નખોદીયાઓ દ્વારા સોશ્યલ મીડીયામાં જાત-જાતની પોસ્ટો મુકી સમાજમાં રાજકારણ તેમજ ધર્મના નામે સમાજના લોકોને ગેરમાર્ગે દોરી વિકૃતિ ફેલાવવામાં આવે છે.મેઘરજ નગરમાં સોશ્યલ મીડિયામાં ધાર્મીક લાગણી દુભાયાની પોસ્ટ એક યુવકે મુક્યા પછી રવિવારે આ અંગે મામલો વધુ ઉગ્ર બનતા બે કોમના લોકો સામસામે આવી ગયા હતા પથ્થરમારો, સોડાની બોટલો અને લાકડીઓ,લોખંડની પાઈપો ઉછળી હતી જેમાં ૫ થી વધુ યુવાનો ઈજાગ્રસ્ત થયા હતા એકાએક બંને બાજુથી પથ્થરમારો શરુ થતા લોકોમાં ભારે નાસભાગ મચી હતી ઘટનાની જાણ થતા મેઘરજ પોલીસ સહીત જીલ્લા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી સ્થીતી પર કાબુ મેળવ્યો હતો બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મેઘરજ નગરમાં રવીવારે સાંજે બે કોમ વચ્ચે સોશ્યલ મીડિયામાં ધાર્મિક લાગણી દુભાય તેવી પોસ્ટની અદાવતમાં ટોળા સામસામે આવી જતા ભારે પથ્થરમારો, સોડાની બોટલો અને લાકડીઓ, પાઈપો અને અન્ય ઘાતક હથીયારો ઉછર્યા હતા ઘટનાની ગંભીરતા સમજી ડીવાયએસપી ભરત બસીયા સહીત જીલ્લા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી મામલો થાળે પાડ્યો હતો પોલીસની ગાડીઓ જોઈ બંને કોમના લોકો ફરાર થઇ ગયા હતા મેઘરજ નગરમાં ભારેલા અગ્ની જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે જૂથ અથડામણ પછી બંને તરફથી સામસામે ફરીયાદ નોંધાવતા મેઘરજ પોલીસે ૩૫ શખ્સો સામે રાયોટિંગ સહીતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# મુંબઇ, રાજસ્થાન અને મધ્યપ્રદેશની વિવિધ દુર્ઘટનાઓમાં માર્યા ગયેલાઓને મોરારિબાપુ તરફથી સહાય



તાજેતરમાં રાજેસ્થાનના જયપુર ખાતે આકાશી વીજળી પડતાં ૧૯ જેટલા લોકોના મૃત્યુ થયા હતા. આ દિવસોમાં પૂજ્ય મોરારીબાપુની રામકથા શ્રીનાથજી-નાથદ્વારા ખાતે ચાલતી હતી. એ ૧૯ મૃતકોના પરિવારજનોને પૂજ્ય બાપુની સુચનાનુસાર તત્કાલ સહાય રામકથાના યજમાન દ્વારા વિતરિત કરવામાં આવનાર છે. એ જ પ્રમાણે ગઈકાલે મુંબઈના ચેમ્બુર અને વિક્રોલી ખાતે ભારે વરસાદને લીધે ભૂસ્ખલન થતાં ૩૨ જેટલા લોકોએ પોતાનાં પ્રાણ ગુમાવ્યા છે જેની વિગતો મેળવવામાં આવી રહી છે. મુંબઈ મહાપાલિકાના સૂત્રો પાસેથી તેની વિગતો મળે એ મુજબ તે હતભાગી લોકોના પરિવારજનોને પણ સહાયતા રામકથાના મુંબઈ સ્થિત શ્રોતાઓ દ્વારા વિતરિત કરવામાં આવશે. તમામ મૃતકોના પરિવારજનોને સાંત્વના રૂપે પાંચ હજારની સહાયતા મોકલવામાં આવશે.

મધ્યપ્રદેશનામાં કૂવો ધસી પડતા પણ ૧૯ જેટલા લોકો મૃત્યુ પામ્યા છે. એમના પરિવારજનોને પણ તત્કાલ સહાયતા અર્થે પૂજ્ય બાપુ દ્વારા શ્રી હનુમાનજીની સાંત્વના રૂપે રાશિ પહોંચાડવામાં આવશે. ત્રણેય દુર્ઘટનાઓમાં માર્યા ગયેલ વ્યક્તિઓની સંખ્યા ૭૦ જેટલી છે જેની કુલ સહાય ૩,૫૦૦૦૦ રૂપિયા ત્રણ લાખ પચાસ હજાર થાય છે. તમામ મૃતકોના નિર્વાણ માટે પૂજ્ય બાપુએ શ્રી હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરી છે અને તેમનાં પરિવારજનોને િ દ લ સ ા ે જી પાઠવી છે.

# અરવલ્લીમાં જીલ્લામાં ઓગસ્ટથી "સુગમ સંગીત,લગ્નગીત,શાસ્ત્રીય સંગીત,લોકગીત"ની સ્પર્ધા યોજાશે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તા.૦૧ ઓક્ટોમ્બર ૨૦૨૦ના રોજ ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરીક સશક્ત બનાવવાના હેતુથી વર્તમાન સમયમાં મોબાઇલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી સરકારશ્રી દ્વારા "મોબાઇલ ટુ સ્પોર્ટ્સ" ના અભિયાનની નવતર પહેલ કરી છે.

વર્તમાન સમયમાં ચાલી રહેલી કોરોનાની મહામારીના વિષમ સંજોગોમા ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ તથા વિડીયો ગેઈમ્સ જેવી પ્રવુતિઓમાં અત્યંત કિમતી સમય વેડફતા યુવાધનની હકારાત્મક રીતે ક્રીયાશીલ કરવા રમતગમતની પ્રવુતિઓ તરફ આકર્શીત કરવા એ સમયની તાતી જરુરીયાત છે. જેમાં યુવાધનનો શારીરીક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારશ્રી વર્ષ ૨૦૨૦/૨૧ દરમ્યાન "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" ની નવી યોજના મંજુર કરેલ છે જેમાં આ યોજનાનું મોબાઈલ ટુ સ્પોર્ટ્સ ફેસબુક પેજ, યુ-ટ્યુબ ચેનલ, રેડીયો ક્વીઝ, ચિત્ર સ્પર્ધા, ટેલીવીઝન તેમજ સોશીયલ મીડીયા સબંધીત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો,ઓડીયો/વિડીયો ક્લીપ રજુ કરી યુવાનોને રમતગમતની પ્રવુતિઓ માટે પ્રેરણાસહ આકર્ષીત કરવામાં આવશે. જે અંતર્ગત આ હેતુને સુચારૂ પાર પાડવા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ હસ્તકની કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓની કચેરી,ગાંધીનગર તથા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, અરવલ્લી દ્વારા સંયુક્ત રીતે "ગાયન (સુગમ સંગીત,લગ્નગીત,શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દૂસ્તાની),લોકગીત/ભજન સ્પર્ધા") નું આયોજન કરેલ છે. જેમાં જુદાજુદા વયજુથ પ્રમાણે કલાકારો ભાગ લઈ શકશે. જેમાં ૬ થી ૧૪ વર્ષ સુધીના,૧૫ થી ૨૦ વર્ષ સુધીના,૨૧ થી ૫૯ વર્ષ સુધીના તેમજ ૬૦ વર્ષથી ઉપરના ઓપન વયજુથમાં ભાગ લઈ શકશે. આ સ્પર્ધાની વિડીયો ક્લીપ તૈયાર કરી તા.૧૯ઓગસ્ટથી ૨૦૨૧ બપોરના કલાક ૧૨:૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી અરવલ્લી,બ્લોક નં.એ.એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા. અરવલ્લી પીન.૩૮૩૩૧૫ E-Mail ID - dsoaravalli05@gmail.com પર મોકલવાનું રહેશે.

જેમાં જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ.૧૦૦૦/- ,દ્રીતીય વિજેતાને રૂ.૭૫૦/- તેમજ તૃતિય વિજેતાને રૂ.૫૦૦/- નું ઈનામ આપવામાં આવશે. ત્યારબાદ રાજ્યકક્ષાની ગાયન સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. જેમાં પ્રથમ વિજેતાને રૂ.૨૫૦૦૦/- દ્રીતિય વિજેતાને રૂ.૧૫૦૦૦/- અને તૃતિય વિજેતાને રૂ.૧૦૦૦૦/- એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫૦૦૦/- (પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે.

આ અંગેની વધુ માહીતી "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" યોજના અંતર્ગત ફેસબુક પેજ https://www.facebook.com/mobile2sports Œu{s યુ ટ્યુબ ચેનલની લિંક http://www.youtube.com/channel/UCzsjROvtHpN4rkensUaz-g પરથી મળી શકશે. "ગાયન (સુગમ સંગીત,લગ્નગીત,શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દૂસ્તાની),લોકગીત/ભજન")ની જિલ્લાકક્ષાની સ્પર્ધામાં સ્પર્ધકે પોતાનું નામ, સરનામુ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી, સ્કુલનું નામ અને સરનામું વગેરે બાબતોનો વિડીયો ક્લીપમાં ઉલ્લેખ કરવાનો રહેશે.

# કવિ કાલિદાસની રસિક લગ્ન વાર્તા



महामंत्री : डॉ. महेन्द्रकुमार जैन 'मनुज'



દેશમાં, સમાજમાં, વિદ્વાનનું પ્રાચીન કાળથી આદર કરવામાં આવે છે. એવું પણ કહેવામાં આવે છે કે 'સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે', રાજાની પૂજા ફક્ત તેના જ દેશમાં કરવામાં આવે છે, પરંતુ વિદ્વાનની બધી આદર પૂજા કરવામાં આવે છે. પરંતુ લોભી અને ઘડાયેલ વિદ્વાનોની વાર્તાઓ પણ ઓછી નથી. જો તેઓ શીખ્યા છે અને તેઓ પણ ઘડાયેલ છે, તો સમજી લો કે તેઓ તેમની કુશળતાથી કોઈને પણ છેતરી શકે છે. તેમનામાં પણ જો તે ભાઈ-બહેન છે, તો પછી તેઓ માત્ર ઘડાયેલું હદ પાર કરે છે.

તે મહાન કવિ કાલિદાસ વિશેની દંતકથાઓથી જાણીતું છે કે તે દેખાવમાં સુંદર હતો અને વિક્રમાદિત્યના દરબારમાં આવેલા નવરાત્નમાંથી એક હતો. એવું કહેવામાં આવે છે કે તેમના પ્રારંભિક જીવનમાં, કાલિદાસ અભણ અને મૂર્ખ હતા. તેમના લગ્નની વાર્તા ખૂબ જ રસપ્રદ અને પ્રખ્યાત છે.

વિદ્યોત્તમા નામની રાજકુમારી ખૂબ હોશિયાર હતી, તે ઈચ્છતી હતી કે તેણીને તેના કરતા વધારે વિદ્વાન પતિ મળે, તે દેખાવમાં પણ સુંદર હતી. વિદ્યોત્તમા તેના પિતાને ઘોષણા કરે છે કે જે વિદ્વાન તેને ચર્ચામાં હરાવે છે તે વિદ્યોત્તમા સાથે લગ્ન કરશે. ઘણા વિદ્વાનો ચર્ચા માટે આવ્યા હતા પણ ચર્ચા માટે વિદ્યોત્તમાની સામે ન રહી શક્યા. પરાજિત, અપમાનિત વિદ્વાનોએ એક યોજના બનાવી - ×વિદ્યોત્માના લગ્ન એકદમ મૂર્ખ સાથે કરવા જોઈએ.× તેઓ મૂર્ખની શોધમાં નીકળ્યા. ગામડા તરફ જતા હતા ત્યારે જંગલમાં લાકડાનો કટકો દેખાતો હતો જે એક ઝાડની ડાળી કાપી રહ્યો હતો, પણ તે જે કાપતો હતો તે જ ડાળ પર બેઠો હતો. આ વિદ્વાનોએ કહ્યું હતું કે આના કરતાં વધુ કોઈ મૂર્ખ નહીં હોય, જેની પાસે એટલી બુદ્ધિ નથી કે જો ડાળી કાપી નાખવામાં આવશે, તો તે પણ શાખા સાથે નીચે પડી જશે.

તે ઘડાયેલ વિદ્વાનોએ તેને સારા લગ્ન, સારા કપડાથી લાલચ આપી અને કહ્યું - છોકરી જે કાંઈ બોલે તેનો જવાબ માત્ર ચિન્હમાં જ આપવો પડશે, બોલવાનું નહીં. એક તરફ વિદ્યોત્તમા અને વિરહિત કાલિદાસ સભામાં બીજી બાજુ મહાન વિદ્વાન સ્વરૂપે બેઠા હતા. તે નક્કી થયું હતું કે કાલિદાસ મૌનમાં છે, તેથી પ્રશ્નો અને જવાબો સંકેતોમાં હશે.

ચર્ચા દરમિયાન, વિદ્યોત્તમાએ કાલિદાસને એક આંગળી બતાવી, જેનો અર્થ હતો કે બ્રહ્મા એક છે, પરંતુ કાલિદાસ સમજી ગયા કે તે કહેતી હતી કે તેની એક આંખ ફાટી જશે. આ સવાલના જવાબમાં તેણે પોતાની આંગળીઓ ઉભી કરી. કાલિદાસનો મતલબ હતો કે જો તમે તેની એક આંખ તોડશો તો તે તેની બંને આંખો તોડી નાખશે.

કુશળ વિદ્વાનોએ તેનો અર્થ એ કર્યો કે બે આંગળીઓનો અર્થ થાય છે - ×બ્રહ્માંડ અને જીવ બંને બ્રહ્માંડમાં છે.× વિદ્યોત્તમાના જવાબથી સંતોષ થયો. પછી તેણે તેની પાંચ આંગળીઓ ઉભા કરી, જેનો અર્થ એ કે આપણું શરીર પાંચ તત્વોથી બનેલું છે.

કાલિદાસ સમજી ગયો કે તે તેને થપ્પડ મારવા માંગે છે, તેથી તેણે તેની પાંચ આંગળીઓ જોડીને એક મુઠ્ઠી બનાવી અને સિગ્નલમાં કહ્યું કે જો તમે મને થપ્પડ મારશો તો હું તમને મુક્કો આપીશ. તોફાની વિદ્વાનોએ તેનો અર્થ એ કર્યો કે પાંચ તત્વો જુદા છે, પણ મન એક છે અને મન બધા તત્વોનું સંચાલન કરે છે.

આ રીતે, વિદ્યોત્તમા મૌન શબ્દોમાં વિશિષ્ટ પ્રશ્નો પૂછતા હતા, જેનો કાલિદાસ તેની બુદ્ધિના મૌન હાવભાવથી જવાબ આપશે અને ઘડાયેલ વિદ્વાનો તેનો ખુલાસો કરશે. કાલિદાસ વિજયી રીતે ઉભરી આવ્યા, તેમણે એક સાથે લગ્ન કર્યા. વિદ્યોત્તમા તેના રૂમમાં બેઠી હતી. બહારથી જોરદાર અવાજ સાંભળીને તે બોલ્યો- 'કિમ વદતિ?' (કોણ બોલે છે) કાલિદાસે કહ્યું 'ઉટ્ર વદતિ', તેણે કહ્યું 'ઉર્ષ્ટ્ર' ને બદલે 'ઉટ્ર' (ઊંટ).વિદ્યોત્તમાને ખ્યાલ આવી ગયો કે તે મૂર્ખ સાથે લગ્ન કરવાની છેતરવામાં આવી છે. તેણે કાલિદાસને ઘરની બહાર ફેંકી દીધો અને કહ્યું કે જો તમે સંપૂર્ણ વિદ્વાન બનો, તો પાછા ફરો.

તે તેની પત્ની દ્વારા અપમાન સહન કરી શક્યો નહીં. તેમણે ઘણા સ્થળોની મુલાકાત લીધી અને ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને મહાન શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરી. કાલિદાસ ઘરે આવ્યા ત્યારે તેણે પોતાનો અવાજ આપ્યો - 'સુંદરિ! અનાવૃત્ત કપાટમ દ્વારમ દેહિ! 'કપાટમ ઉદઘાટય' (ઓ રૂપસી! દરવાજો ખોલો) આ સાંભળીને વિદ્યોત્તમા બોલ્યા- 'અસ્તિ કાશ્ચિદ વાગ્વિશેષા (કોઈક વિદ્વાન લાગે છે).' તે સામે કાલિદાસને મળીને તે આશ્ચર્યચકિત થઈ ગઈ. કાદિદાસે વિદ્યોત્તમાના ત્રણ શબ્દો સાથે ત્રણ સંસ્કૃત મહાકાવ્યોની રચના કરી અને તેમને આ શબ્દોથી પ્રારંભ કર્યો. તેમણે અન્ય ગ્રંથો પણ લખ્યા. આ ઘટનાથી ઘણા સંદેશા વહે છે. કાલિદાસે પત્નીને ઠપકો આપીને પોતાને બચાવી લીધા, પરંતુ આપણે આવા બેફામ વિદ્વાનોથી સાવચેત રહેવું જોઈએ કે જેઓ આજે પણ શિષ્યવૃત્તિનો ડ્રેસ પહેરીને સમાજમાં પોતાનું સ્થાન બનાવે છે અને કેટલાક લોકોની મદદથી સંસ્થાનો કબજો લે છે વગેરે. પછી તેઓ સંસ્થાના ભંડોળને કોઈક રીતે અથવા અન્ય રીતે પડાવી લે છે, સંસ્થાની વિશ્વસનીયતાનો લાભ લઈને તેઓ સતત સમાજને છેતરતા રહે છે. આવા દંભીઓ, ઘડાયેલ વિદ્વાનોના નામને કલંકિત કરનારાઓથી હંમેશાં સાવધ રહેવું જોઈએ.

-ડો. મહેન્દ્રકુમાર જૈન 'મનુજ'

# વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ યોજાશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી બુધવાર તા.૨૧ જુલાઇ-૨૦૨૧એ જુનાગઢમાં ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન સમારોહમાં વિવિધ ડીગ્રી ધારકોને પદવી અને તજજ્ઞતા પ્રાપ્ત છાત્રોને ગોલ્ડ મેડલ્સ એનાયત કરશે. ૨૦૧૫માં સ્થપાયેલી આ ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં જુનાગઢ, ગીર-સોમનાથ, પોરબંદર અને દેવભૂમિ દ્વારિકા જિલ્લાની ૧૬૨ જેટલી કોલેજીસનો સમાવેશ કરવામાં આવેલો છે. અ ા કોલેજીસના કુલ મળીને ૩૦,૩૬૨ જેટલા યુવા છાત્રોને પ્રથમ પદવીદાન સમારોહ અંતર્ગત પદવીઓ એનાયત થવાની છે.જુનાગઢ કૃષિ યુનિવર્સિટી કેમ્પસના ઓડિટોરિયમમાં બુધવારે તા.૨૧મી જુલાઇએ સવારે ૧૧ કલાકે યોજાનારા આ પદવીદાન સમારંભમાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ ઉપસ્થિત રહેશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી આ અવસરે ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની નવિન વેબસાઇટનું લોન્ચિંગ પણ કરવાના છે.

સીએમપીઆરઓ/અરૂણ....

## પેગાસસ મામલે ખોટો વિવાદ ઉભો કરનારા

# વિપક્ષની દેશ વિરોધી માનસિકતાની આકરી આલોચના કરતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી

## ભારત વિરોધી વિદેશી તાકતોનો હાથો બની કોંગ્રેસ-વિપક્ષ ભારતની પ્રતિષ્ઠાને નુકશાન કરી રહી છે-મુખ્યમંત્રીશ્રી



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પેગાસસ મામલે ખોટો વિવાદ ઉભો કરનારા વિપક્ષની દેશવિરોધી માનસિકતાની આકરી આલોચના કરી છે.

તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે, વિદેશી તાકતોનો હાથો બની કોંગ્રેસ ભારતની પ્રતિષ્ઠાને નુકશાન કરી રહી છે. સંસદનું ચોમાસું સત્ર શરૂ થાય એ પહેલા જ પેગાસસ સ્પાયવેરનો મુદ્દો ઉછાળવાનું કૃત્ય વિપક્ષની દેશવિરોધી માનસિકતા છતી કરે છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, કોંગ્રેસે ઘણા દાયકા સુધી સત્તા ભોગવી છે, આથી હવે જેમ પાણી વગર માછલી તરફડે તેમ સત્તા વગર તરફડી રહી છે.

રાષ્ટ્રીય સુરક્ષાના ભોગે વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા ખરડી સત્તામાં ફરી આવવા વલખા મારી રહી છે પણ કોંગ્રેસની મેલી મુરાદ બર આવવાની નથી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે સંસદમાં નવનિયુક્ત મંત્રીશ્રીઓનો પરિચય આપવાનો શિરસ્તો નિભાવી રહ્યા હતા ત્યારે કોંગ્રેસે દખલ પહોંચાડીને સંસદીય પ્રણાલીનો ભંગ કર્યો છે. કોંગ્રેસ સત્તા વિમુખ થયા પછી વિપક્ષ તરીકેની રચનાત્મક ભૂમિકા ભજવવાને બદલે મોદીજીના વિકાસની રાજનીતિનો ઠાલો વિરોધ કરી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ફોન ટેપીંગનો મુદ્દો જે એજન્સીએ ઉઠાવ્યો છે તેણે પેગાસસ સોફ્ટવેર ભારતમાં યુઝ થયો હોય કે સોફ્ટવેરના ડેટાનો વપરાશ થયો હોય તેવા પુરાવા આપ્યા નથી. દેશમાં પેગાસસ સ્પાયવેરનો ઉપયોગ થયો નથી તેવી સ્પષ્ટ વાત ભારત સરકારે કરી છે.

તેમણે વધુમાં કહ્યું કે, આશ્ચર્યની વાત એ છે કે ૪૫ દેશ કથિત રીતે પેગાસસ સ્પાયવેરનો ઉપયોગ કરી રહ્યા છે, પરંતુ ભારત, કે જેણે પેગાસસનો ઉપયોગ કરવાના આક્ષેપોને નકારી કાઢ્યા છે તેને જ નિશાન બનાવવામાં આવી રહ્યું છે અને બાકીના દેશો આમાં ક્યાંય ચિત્રમાં જ નથી.

તેમણે ઉમેર્યું કે, કોંગ્રેસ સહિત વિપક્ષ ભારતીય સેનાની સર્જીકલ સ્ટ્રાઈક અને એરસ્ટ્રાઈક સામે સવાલો ઉઠાવવા, રાફેલ ડીલનો અપપ્રચાર, કૃષિ કાયદા વિરુદ્ધ પ્રચાર જેવા કૃત્યો કરી ચૂક્યું છે. ભારતના ટુકડે-ટુકડે કરવાના નારા લગાવનારી ગેંગ, સેનાને બદનામ કરવા વાળી અર્બન નક્સલ ગેંગ, આતંકવાદી અફઝલની ફાંસી પર સુપ્રીમ કોર્ટને હત્યારી કહેવા વાળી ગેંગ, આવી અનેક રાષ્ટ્રવિરોધી ગેંગના લોકોની સમર્થ-ચિંતક તેઓ રહ્યા છે. આ જ વિપક્ષનું ચરિત્ર છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ભારતના વિકાસને અમુક ચોક્કસ તાકાતો દ્વારા ખતરા તરીકે જોવામાં આવે છે. સંસદના ચોમાસુ સત્ર પૂર્વે ઊઠેલો આ વિવાદ ફક્ત એક યોગાનુયોગ નથી પણ આત્મનિર્ભર બની રહેલા ભારત દેશ વિરુદ્ધ બદલાની ભાવના છે.

તેમણે વધુમાં કહ્યું કે, ૨૦૧૩માં એક આર.ટી.આઇના જવાબમાં યુ.પી.એ સરકારે દર મહિને ૯ હજાર ટેલીફોન અને ૫૦૦ ઇ-મેઇલ એકાઉન્ટ પર નજર રખાતી હોવાનો સ્વીકાર્યું હતું. તાજેતરમાં રાજસ્થાનની કોંગ્રેસ સરકારનું ફોન ટેપીંગ પ્રકરણ પણ સામે આવ્યું હતું. ભારતની છબીને ખરડવા સાવ નકલી અને મનઘંડત જાસૂસી પ્રકરણ વિપક્ષે ઉભું કર્યું છે.



**વોટ બેક્ક ની ભીખ ખાતર સરકારી ખભે ભગવા પક્ષ ની પ્રસિદ્ધિ કરતા અંધ ભક્તો વિચારે કે આ અનાજ ની થેલી ઉપર જેના ફોટા છે તેમના પૂર્વજ ની કોઈ મિલકત માથી આ અનાજ આપવામાં આવતું નથી.જનતા નીનાવક ની વ્યવસ્થા સાંભળવાનું કાર્ય શાશક સરકાર કરે છે તે ભૂલવું ના જોઇયે.આવા ફોટા પડાવી તમારી આબરૂ શા માટે ઓછી કરો છો.પ્રજા કોઈ ભોંઠ નથી.હવે બધું સમજી ગઈ છે ..**

# ચાણસ્માના નવગજા પીર મંદિર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું



આજરોજ શહેર ભાજપ દ્વારા પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ખાતે આવેલ નવગજા પીર નુ મંદિર આવેલ છે જ્યાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું

મળતી વિગતો મુજબ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ ના કાર્યકાળને એક વર્ષ પૂર્ણ થતા આજરોજ ચાણસ્મા ખાતે આવેલ નવ ગજા પીર ના મંદિર ખાતે પાટણ જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના ચાણસ્મા શહેર ના હોદ્દેદારો દ્વારા તેમના એક વર્ષના સફળ કાર્યના અનુસંધાને ચાણસ્મા ખાતે આવેલ નવગજા પીર ના મંદિરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો જે કાર્યક્રમમાં પાટણ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી ડોક્ટર દશરથજી ઠાકોર શહેર પ્રમુખ રાજુભાઈ પટેલ મહામંત્રી અશ્વિનભાઈ પટેલ કિરણભાઈ ઠાકોર તેમજ નગરપાલિકા પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ ઉપ પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ તેમજ મહિલા મોરચા માંથી જિલ્લા મંત્રી ભગવતીબેન નયનાબેન રાવલ બીનાબેન વ્યાસ ચંદ્રિકા બેન પટેલ અલકાબેન સથવારા મીરાબેન પટેલ પાર્વતીબેન પટેલ સહિતના ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા નિખિલ જોશી પાટણ

# માણાવદરમાં લાયન્સ સ્કૂલ ખાતે ૨૨મીએ વિનામુલ્યે નેત્રયજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું




માણાવદર લાયન્સ ક્લબ ઘણા વર્ષોથી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરે છે તેમાં લોકોને દ્રષ્ટિ દાન આપવા દર મહિનાના ચોથા ગુરુવારે નેત્ર નિદાન સારવાર કેમ્પ ઓપરેશની સુવિધા સાથે વર્ષોથી યોજાઇ રહ્યો છે.

આગામી ૨૨મીએ રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલ રાજકોટ ના સહયોગથી અને માણાવદર લાયન્સ ક્લબ અને બાઇ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે તથા કુસુમબેન હીરાલાલ સોલંકી ફેમિલી યુકેના સહયોગથી એક નેત્રાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં આંખના રોગોનું નિદાન કરી જરૂરિયાતવાળા દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે સંસ્થાની બસમાં લઈ જઇ રાજકોટ ખાતે આધુનિક મશીન દ્વારા ટાંકા વગરનું મફત ઓપરેશન કરી આપવામાં આવશે તથા મફત નેત્રમણી પણ બેસાડી આપવામાં આવશે દર્દીને રહેવા-જમવા, ચા-પાણી, નાસ્તો, ચશ્મા, દવા વગેરે મફત આપવામાં આવશે ઓપરેશન પછી દર્દીઓને પોતાના ઘરે મૂકવા માટેની વ્યવસ્થા પણ સંસ્થા દ્વારા કરવામાં આવી છે.

આ કેમ્પમાં ચશ્માના નંબર કાઢી આપવામાં આવશે નહીં માત્ર ઓપરેશન લાયક દર્દીઓના ઓપરેશન જ કરવામાં આવશે લાયન્સ સ્કૂલ મહાદેવીયા રોડ માણાવદર ખાતે યોજાનારા આ કેમ્પનો સમય સવારના ૧૦ થી ૧૨ નો જ હોવાથી દરેક દર્દીએ સમયસર પહોંચી જવા લાયન્સ પરિવાર તરફથી જણાવાયું છે

તસવીર અહેવાલ- જીગ્નેશ પટેલ માણાવદર

## જીએસટી નંબર કૌભાંડ

# કેટલાક શખ્સોએ ખોટા દસ્તાવેજ ઉભા કરી બે પેઢીના નામે અલગ-અલગ જીએસટી નંબર મેળવ્યા

અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજ્યમાં જીએસટીની ચોરી કરવા કેટલાક શખ્સો અન્ય લોકોના એનકેન પ્રકારે દસ્તાવેજ મેળવી લઇ તેનો ઉપયોગ કરી ખોટી પેઢી ઉભી કરી જીએસટી નંબર મેળવી લઇ લાખ્ખો,કરોડો રૂપિયાની જીએસટી ચોરી કરી સરકારી તિજોરીને ચૂનો લગાવી રહ્યા છે કેટલાક ઇસમો અન્ય વ્યક્તિના નામે જીએસટી નંબર મેળવી તેનો ઉપયોગ કરી જીએસટી ભરવાની જવાબદારી અન્યના નામે નાખી દેવાનું રીતસરનું મસમોટું કૌભાંડ આચરવામાં આવે છે જીએસટી વિભાગની નોટીસ આવે ત્યારે વ્યક્તીને ખબર પડતી હોય છે કેટલીક મોટી પેઢીઓ અને કંપનીઓ તેમના કર્મચારીઓના નામે ખોટી રીતે પેઢી ઉભી કરી જીએસટીની ચોરી કરી હોવાના અનેક કૌભાંડ બહાર આવ્યા છે ત્યારે મોડાસા શહેરના આરાધના ફ્લેટમાં બે ફ્લેટના નામે કોઈ શખ્સોએ બે જીએસટી નંબર મેળવી લીધા હોવાનું કચેરીના સ્પોટ વિઝીટમાં બહાર આવતાં ભારે ચકચાર મચી છે

મોડાસા શહેરના આરાધના એપાર્ટમેન્ટમાં રહેતા શાહ મુકેશ કુમાર કેશવલાલના ફ્લેટના અને આરાધના ફ્લેટમાં જે નંબરનો ફ્લેટ નથી તે ફ્લેટ નંબરના એડ્રેસ પર દયાલ અને કુમાર ટ્રેડર્સ ના નામે બે ભૂતિયા પેઢી ઉભી કરી કેટલાક શખ્સોએ જીએસટી નંબર મેળવી લીધો હતો મુકેશ શાહના જણાવ્યા અનુસાર એપ્રીલ-૨૦૨૧માં ઈસ્યુ પણ કરી દેવામાં આવ્યો હતો અને અંગે કચેરી તરફથી સ્પોટ વિઝીટ કરવા આવ્યા ત્યારે અમને સમગ્ર કૌભાંડની જાણ થઇ હતી જીએસટી કચેરીના છબરડાનો ભોગ બનેલ મુકેશ શાહે મોડાસા જીએસટી કચેરી પર ગંભીર આક્ષેપો લગાવ્યા હતા કે નીયમ અનુસાર કોઈ પણ પેઢી જીએસટી નંબર માંગે તો પહેલા સ્પોટ વિઝીટ કર્યા પછી જીએસટી નંબર એપ્લાય થતો હોય છે ત્યારે અધિકારીઓએ બે પેઢીના નામે ત્રણ મહિના અગાઉ જીએસટી નંબર એપ્લાય કરી પછી તપાસમાં આવ્યા છે તેમજ જે લોકોએ મારા મકાનના નામે જીએસટી નંબર મેળવ્યો હોય તેમના નામ આપવા લેખીતમાં માંગ કરી હોવા છતાં નામ પણ નથી આપતા તેમને આક્રોશ પૂર્વક જણાવ્યું હતું કે જીએસટી નંબર આપનાર અધિકારીને એટલું પણ ભાન નહી હોય કે મોડાસામાં ટોરેન્ટ ઈલેક્ટ્રીસીટી છે જ નહીં અને જીએસટી નંબર માંગનાર અજાણ્યા શખ્સોએ પુરાવા તરીકે ટોરેન્ટ ઈલેક્ટ્રીસીટી બિલ મૂક્યું છે તેમ છતાં જીએસટી નંબર એપ્લાય કરવામાં આવ્યો છે તેમને કચેરીના અધિકારીઓની કામગીરીને શંકાસ્પદ ગણાવી હતી

એક જીએસટીનું કામકાજ કરનાર ખાનગી વ્યક્તિએ જણાવ્યું હતું કે જીએસટી કચેરીમાં અનેક પ્રકારના ધુપ્પલ ચાલી રહ્યા છે અને આવી અનેક ભુતિયા પેઢી ઉભી કરી સરકારને કરોડો રૂપિયાનું નુકશાન કરી રહ્યા છે મોડાસા જીએસટી કચેરીમાં વિજીલન્સ તપાસ થાય તો આવા અનેક કૌભાંડ બહાર આવી શકે છે

# માણાવદરના સણોસરા ગામે ખેતરો તરફ જતા રસ્તા નો પુલ બેસી ગયો



માણાવદર તાલુકાના સણોસરા ગામે ઝાપોદડ ગામ તરફની સીમા જવાના રસ્તે સિંચાઇ ખાતા દ્વારા અંદાજે છ થી સાત વર્ષ પહેલા બનાવેલ પુલ ગઈકાલે પડેલા વરસાદથી બેસી જતા આ તરફના ખેતર સીમોમાં જવા માટે લોકોને પારાવાર મુશ્કેલી થઈ રહી છે.એવી ચર્ચાઓ થાય છે કે આ પુલના બાંધકામ સમયે વચ્ચે જે પિલર ઉભા કરેલ છે તેમાં પાયો જ ભરેલ નથી. જમીન લેવલથી સીધા જ પિલર ચણેલ છે પરિણામે આ કામ કામગીરીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયેલ હોય જેથી સરકાર તાકીદેથી આ બાબતે તપાસ કરે અને ખેતરોમાં જવા માટે કામચલાઉ વ્યવસ્થા તાકીદથી કરે અને નવેસરથી પુલ બનાવવા તાત્કાલિક ગ્રાન્ટ ફાળવે તેવી માગણી જૂનાગઢ જિલ્લા પંચાયતના સભ્ય અરવિંદભાઈ લાડાણીએ કરેલ છે

તસવીર અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

## એસીબીની સૌથી મોટી ટ્રેપ

# ગાંધીનગરમાંથી ૨ કરોડ રુપિયા રોકડા ઝડપાયા

ગાંધીનગરમાં સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગરના સ્ટેટ પ્રોજેક્ટ ઈજનેર નિપુણ ચોક્સી પાસેથી કુલ ૨,૨૭,૨૫,૦૦૦ મળી આવ્યા ગુજરાત એસીબીએ અત્યાર સુધીની સૌથી મોટી ટ્રેપ પાર પાડી ૨,૨૭,૨૫,૦૦૦ રોકડા કબ્જે કર્યાછે. ગાંધીનગરમાં સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગરના સ્ટેટ પ્રોજેક્ટ ઈજનેર નિપુણ ચોક્સી પાસેથી કુલ ૨,૨૭,૨૫,૦૦૦ મળી આવ્યા છે.

૧૭ જુલાઈના રોજગાંધીનગર એસીબી પોલીસ સ્ટેશનમાં સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગરના સ્ટેટ પ્રોજેક્ટ ઈજનેર નિપુણ ચોક્સી સામે ફરીયાદ નોંધાઈ હતી. જેમાં આરોપી લાંચના છટકા દરમ્યાન ફરીયાદી પાસેથી ૧,૨૧,૦૦૦ની લાંચની માંગણી કરી લાંચના નાણાં સ્વીકારતી વખતે ઝડપાઈ ગયા હતા અને આરોપીના ઘરની જડતી દરમ્યાન ૪,૧૨,૨૦૫ રુપિયા મળી આયા હતા. આ ગુનામાં આરોપીની અટકાયત કરવામાં આવી હતી કોર્ટમાં રજુ કરી તેની ૨ દિવસની રીમાન્ડમાં એસીબીએ વધુ રકમ ઝડપી સફળતા મેળવી છે. આ કેસની તપાસ કરતાં અધિકારી આશુતોષ પરમારે જણાવ્યું હતું કે રીમાન્ડ દરમ્યાન આરોપીની પુછતાછ કરતાં તેના ગાંધીનગર નાગરીક કો.ઓપ. બેંક, મીનાબજાર, સચિવાલય ખાતેના લોકરમાંથી ૭૪,૫૦,૦૦૦ રોકડા તથા ઘ-૨ ખાતેની ગાંધીનગર નાગરીક કો.ઓપ. બેકના અન્ય ૨ લોકરમાંથી ૧,૫૨,૭૫,૦૦૦ રોકડા મળી કુલ ૨,૨૭,૨૫,૦૦૦ મળી આવેલ છે. ઉપરાંત કેનેરા બેંક ગાંધીનગરમાં પણ આ આરોપીના લોકરની તપાસ કરતાં તેમાંથી ૧૦ લાખના ૩૦૦ ગ્રામ સોનાના દાગીના મળી આવ્યા છે. એસીબીના આજદિનમાં ઈતિહાસમાં આટલી મોટી રકમ પહેલી વાર કબ્જે કરવામાં આવી છે.

આ અગાઉ એશીબીએ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારી પાસેથી ૧ કરોડ જેટલી તેમજ શ્રમ અને રોજગાર વિભાગના ડાયરેક્ટર બોઈલર પાસેથી ૩૭ લાખ જેટલી રકમ ઝડપી પાડી છે જેથી આ અત્યાર સુધીની સૌથી મોટી ટ્રેપ છે જેમાં એસીબીને ૨,૨૭,૨૫,૦૦૦ જેટલી રકમ કબ્જે કરવામા સફળતા મેળવી છે.

# જીલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં મહેસૂલી અધિકારીશ્રીઓની માસિક સમીક્ષા બેઠક યોજાઈ



અરવલ્લી જીલ્લાના કલેકટર કચેરીના સભાખંડ ખાતે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામા તથા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં મહેસૂલી અધિકારીશ્રીઓની સમીક્ષા બેઠક યોજાઈ.

જે અંતર્ગત જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ કામોની સમીક્ષા કરતા જણાવ્યું કે, જીલ્લાના ગરીબ પ્રજાને હમેશા સાચું અને સચોટ માર્ગદર્શન પૂરું પાડવું, તેમનાં દરેક કામમાં ક્યારેય અડચણ રૂપ થવું ન જોઈએ. તેમના દરેક કાર્યો ઝડપથી પૂર્ણ કરવા અનુરોધ કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું કે, દરેક કામોની અમલવારી ઝડપથી થવી જોઈએ, વર્ષની શરૂઆતમાં જેટલા બાકી રહેલા કામોની કાચી નોંધો નિકાલ કરવો, અરવલ્લી જીલ્લાનાં તમામ તાલુકાઓમાં બાકી રહેલ કામોનો ઝડપથી નિકાલ કરવો, મહેસૂલ તથા બાકી રહેલ કામો પૂર્ણ કરવા જણાવ્યું.

સાથે આ સમીક્ષા બેઠકમાં ૪૦ થી વધારે મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી જેમાં, ગત માસ સુધીમાં મળેલ નવા કામીજાસ્તી પત્રકોની સંખ્યાની, ગામ દફતર અમલ કરાવેલી કમી જાસ્તી પત્રકોની સંખ્યાની, જમીન સંપાદન, બિનખેતી, સરકારી ખર્ચે માપણીની, સરકારી ખર્ચે ગામતળ નીમ, બિનખેતી હુકમો, કુવા માટે નીમ થયેલા હુકમોની ચકાસણી તથા માપણી ઉપર બાકી રહેલ કામોને ઝડપથી પૂર્ણ કરવા.

ત્યાર બાદ ઈ-ધરા કેન્દ્રો ખાતે નિકાલ કરેલ કામોની ચકાસણી કરી, તકરારી હક્કપત્રક નોંધો નિકાલ કેસોની ચકાસણી કરી, બિન ખેતી પરવાનગી અંગેના અરજીના નિકાલની ચકાસણી કરી જરૂરી સુચનો કર્યા. આ બેઠકમાં અરવલ્લી જીલ્લાના નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડ્યુટી, પ્રાંત અધિકારીશ્રી બાયડ, નાયબ મામલતદારશ્રી મોડાસા, નાયબ મામલતદારશ્રી ભીલોડા, નાયબ મામલતદારશ્રી બાયડ, નાયબ મામલતદારશ્રી ધનસુરા, નાયબ મામલતદારશ્રી માલપુર, નાયબ મામલતદારશ્રી મેઘરજ તથા મહેસૂલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠા ની સુકી ભઠ્ઠ બનાસ નદી માં પાણી નાખી જીવંત કરો વી.કે.કાગ

# બનાસકાંઠામાં પાણી માટે રાષ્ટ્રીય કિસાન સંગઠન દ્વારા કલેક્ટર મારફતે સરકાર આદેશપત્ર આપી સરકારને ૨૧માં પાણી આપવા અલ્ટીમેટમ આપ્યું

બનાસકાંઠા જીલ્લો એટલે રાજસ્થાન અને પાકિસ્તાન ની સરહદ ને અડીને આવેલ અતિ પછાત જીલ્લો છે શૈક્ષણિક રીતે સાવ પછાત છે ભૌગોલિક રીતે ગુજરાત ના બીજા જીલ્લા કરતા અલગ જીલ્લો છે ૭૦ % લોકો ખેતરમાં ઘર બનાવી વસવાટ કરે છે અને ખેતી ની સાથે પશુપાલન કરી પોતાના પરીવાર નું ગુજરાન ચલાવે છે અને ખેડૂતો ખેતી દ્વારા ૭૫ % રોજગાર આપે છે

વધું માં જીલ્લા પ્રમુખ વી.કે.કાગ જણાવે છે કે બનાસકાંઠા જીલ્લા માં છેલ્લાં ઘણાં વર્ષોથી પાણી ના ભૂગર્ભ તળ માં પાણી ખુટી ગયા છે તેથી જીલ્લા માં પાણી ની મોટી સમસ્યા ઉભી થઈ ગઈ છે અને ખેડૂતો ના ખેતરો સુકા ભઠ્ઠ રણ ના મેદાન બની ગયા છે ખેડૂતો માટે ખેતી ની વાત છોડી દેવામાં આવે તો પશુપાલન અને માણસો માટે પીવાના પાણી પણ રહ્યા નથી જીલ્લા માં ત્રણ મોટા ડેમ આવેલ છે પરંતુ આ ત્રણ ડેમનું પાણી બનાસકાંઠા જીલ્લા ને મળતું નથી અને બનાસ નદી તેમજ રેલ નદી સુકી ભઠ્ઠ થવા ના લીધે જીલ્લા માં પાણી ની સમસ્યા ઉભી થઈ ગઈ છે




રામસિંહ ગોહિલ જણાવે છે કે કેન્દ્ર અને ગુજરાત સરકાર નીતી ખેડૂતો વિરોધી છે તેથી જીલ્લા માં પાણી ની સમસ્યા ઉભી થઈ ગઈ છે અને વરંવાર રજૂઆત કરવા છતાં સરકાર બનાસકાંઠા જીલ્લા ના પાણી ના પ્રશ્નો ને ઉજાગર કરતી નથી અને કાયમી ધોરણે પાણી ના પ્રશ્ન નો ઉકેલ લાવતી નથી અને ખેડૂતો ને હિજરત કરવા મજબૂર કરી દીધા છે વધું માં ભરતભાઈ કરેણ જણાવે છે કે સરકાર અમારી તમામ સબસિડી બંધ કરી દે પરંતુ કાયમી ધોરણે પાણી નથી સમસ્યા હલ કરી આપે

જો સરકાર ૨૧ દિવસ માં પાણી માટે વિચાર નહીં કરે તો દરેક તાલુકા મથકે મામલતદાર શ્રી ને આવેદનપત્ર આપવામાં આવશે અને ત્યાર બાદ ધારાસભ્ય,સંસદ સભ્યો ઘેરાવ કરી ને આવેદનપત્ર આપવામાં આવશે છતાં સરકાર દ્વારા પામી નહીં તો ઢોલ નગારા વગાડી ને દરેક તાલુકા માંથી ૧૦૦ માણસો પગપાળા રેલી કાઢી ગાંધીનગર મુખ્યમંત્રી મંત્રી અને રાજયપાલ ગાંધીનગર જઈ રુબરુ મળીી રજૂઆત કરવા માં આવશે પાણી નહીં તો વોટ નહીં નો રસ્તો અપનાવવા માં આવશે અને આવનારી ૨૦૨૨ ની વિધાનસભા ની ચુંટણી નો બહિષ્કાર કરવા નું એલાન આપવા માં આવશે .

જીલ્લા પ્રમુખ ,રાષ્ટ્રીય કિસાન સંગઠન બનાસકાંઠા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.